卐 શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાલા-ગ્રંથાંક : ૧૩ 卐

# અવન્તીપતિ મહારાજા વિક્રમાદિત્ય

—: સચિત્ર :—

શિશુબોધ સોપાન ગ્રન્થાવલિ



નું સોપાન પ્રથમ

102

લેખક :-સાહિત્યપ્રેમી પૂ. મુનિવર્ય શ્રીનિરંજનવિજયજી મહારાજ


મૂલ્ય આઠ આના

આ બન્ને પુસ્તક દરેક જૈને વાંચવા જ જોઇએ

## પ્રથમ તીર્થંકર ભગવાન શ્રીઆદિનાથ

ઘણા સુધારા વધારા સાથે અને કળાદષ્ટિએ
તયાર કરાવેલા ૪૦ સુંદર ચિત્રો સાથે.

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાળા. ગ્રંથાંક ૨૨




પહેલી આવૃત્તિ ટુંક સમયમાં જ ખલાસ થઇ જવાથી આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. આમાં ભગવાન ઋષભદેવના વખતના યુગલિયા મનુષ્યો કેવા હતા, તે વખતે લોક વ્યવહારથી અજાણ લોકોને ભગવાન શ્રીઋષભદેવે કઈ કઈ કળાઓ શીખવી, તથા લોકોમાં ધર્મનો ફેલાવો કેવી રીતે કર્યો, તેમના પૂર્વ ભવો, તેમના પુત્ર ભરત બાહુબલિ વગેરેનાં સુંદર વર્ણન અને અખાત્રીજ પર્વની ઉત્પત્તિ શાથી થઇ વગેરે હકીકત સુંદર અને સરળ ભાષામાં બોધદાયક અનેક ચિત્રો સાથે આપવામાં આવી છે. પૃષ્ટ ૨૭૨, ૪૦ ચિત્રો, કિંમત એક નકલના રૂા. ૨-૮-૦

## ભગવાન શ્રીનેમિનાથ અને શ્રીકૃષ્ણ :—

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાળા. ગ્રંથાંક ૨૪




આ પુસ્તકમાં ત્રિકાળજ્ઞાની કથિત જૈન સાહિત્ય દષ્ટિએ આજથી છયાસી હજાર વર્ષ પૂર્વે થયેલ ભગવાન શ્રીનેમિનાથ, શ્રીકૃષ્ણવાસુદેવ, બલદેવજી તથા વસુદેવજી, યાદવો, પાંડવો અને કૌરવો તેમજ સત્યભામા રૂક્ષ્મણી, શાંબ, પ્રદ્યુમ્ન, જરાસંઘ, કંસ વિગેરેનો જીવન પરિચય તથા દ્વારિકાદહન તેમજ શ્રી કૃષ્ણના આગામી ભવ સંબંધી વૃત્તાંત બોધક સરળ અને સુંદર શૈલીમાં આલેખાયેલ છે. ભાવવાહી અને પ્રાસંગિક ૩૪ સુંદર ચિત્રો તથા ૨૦૮ પૃષ્ઠનું દળદાર પુસ્તક હોવા છતાં પ્રચાર માટે કીંમત માત્ર બે રૂપીઆ.

પ્રાપ્તિસ્થાન જસવંતલાલ ગિરધરલાલ શાહ
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, અમદાવાદ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમ:

શ્રીયુત મગનલાલ પરસોત્તમદાસ બદામી
સ્મારક-સીરીઝ : પુષ્પ ૧

# અવન્તીપતિ મહારાજા વિક્રમાદિત્ય

નામ

ઠેકાણું

ગા

લેખક:—
સાહિત્યપ્રેમી પૂ૦ મુનિવર્ય શ્રીનિરંજનવિજયજી મ.

મૂલ્ય—આઠ આના.

સુસંસ્કારોને પોષણ આપતી અને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

## શિશુ—બોધ—સોપાન—ગ્રન્થાવલી

**[ સોપાન પહેલું ]**

### અવંતીપતિ મહારાજા વિક્રમાદિત્ય

આ પુસ્તક મા-બાપોએ પોતાના બાળકોને ખાસ વંચાવવા યોગ્ય છે. કેમકે તેની લેખનશૈલિ બાળકોને ગમી જાય તેવી છે. સંવતપ્રવર્તક પરદુઃખભંજન વિક્રમરાજાના ધાર્મિક જીવનવૃત્તાંતથી તે ભરપૂર છે, ૧૫ ભાવવાહી સુંદર ચિત્રો સાથે.

જુઓ! આ પુસ્તક તમારા હાથમાં જ છે. **એક નકલના આઠ આના**




**[સોપાન બીજું] સુપાત્ર-દાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસાર**

'કર્મને શરમ નથી' તેનું હૂબહુ ચિત્ર ખડું કરતી અને સાધુદાનની તાત્કાલિક સફળતાનો ચિતાર રજુ કરતી રસમય કથા સુંદર ૧૧ ચિત્રો સહિત આ પુસ્તકમાં છે, જે બાળકોને બોધપ્રદ અને રસ ઉત્પન્ન કરે તેવી છે. ટુંક સમયમાં બીજી આવૃત્તિ છપાઈ છે.

**એક નકલના આઠ આના**

પ્રાપ્તિસ્થાન :-

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, **અમદાવાદ.**

### શ્રી સિદ્ધચક્ર-નવપદ આરાધન વિધિ [ સચિત્ર ]

અત્યાર સુધીમાં બહાર પડેલ પુસ્તકો કરતાં આમાં નવપદનું સુંદર વિવેચન ભાવવાહિ સુંદર ૧૦ ચિત્રો સાથે પ્રગટ થયેલ છે.

સંપાદક:-**પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી** મ. સા.

પૃષ્ટ ૨૮૮ છતાં કિંમત માત્ર રૂા. ૨-૮-૦. જુજ નકલો સીલીક છે.

પ્રકાશક:-જૈન સાહિત્ય વર્ધક સભા.

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાલા-ગ્રંથાંક ૧૩

।। महाप्रभावशाली श्रीअवन्तीपार्श्वनाथाय नमो नमः ।।

।। ॐ श्री नेमि-अमृत-खान्ति-गुरुभ्यो नमो नमः ।।

# અવન્તીપતિ મહારાજા વિક્રમાદિત્ય

સોપાન પ્રથમ



ફ્ર શિશુ-બોધ સોપાન ગ્રન્થાવલી ફ્ર

લેખક: સાહિત્યપ્રેમી પૂજ્ય મુનિવર્ય
શ્રીનિરંજનવિજયજી મહારાજ સાહેબ

પ્રકાશક: શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાલાવતી
જસવંતલાલ ગિરધરલાલ શાહ.
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, અમદાવાદ
મુદ્રક: મોહનલાલ મગનલાલ બદામી.
જૈનાનંદ પ્રીં. પ્રેસ, દરિયા મહેલ-સુરત.

આવૃત્તિ પહેલી
વીર સં. ૨૪૭૪

મૂલ્ય ૦-૮-૦

બીજી આવૃત્તિ
વીર સં. ૨૪૭૮

# પ્રકાશકીય નિવેદન.

બાળ સાહિત્ય સૃષ્ટિમાં 'વાર્તા' એ અનેરી ભાત પાડતો વિષય છે. નાના મોટા સૌ કોઈ એના વાચનથી સત્પ્રેરણાઓ અને ઉલ્લાસ પ્રાપ્ત કરે છે.

અમારી આ 'શિશુ બોધ સોપાન ગ્રંથાવલીએ' આજ સુધી છ સોપાનો બહાર પાડી, અનેક નાના મોટા બાળજીવોને ધાર્મિક પર્વો તેમજ ધાર્મિક કથા વિગેરેની મહત્તા સમજતા કર્યા છે, એ હકીકત અનેક સજ્જનોના અમને મળેલા અભિપ્રાયો ઉપરથી અમે જાણી શકયા છીએ.

આ ગ્રંથાવલી દ્વારા બાળજીવોને ધર્મ કરણીમાં રસ લેતા કરવાનો અમારો મુખ્ય ઉદ્દેશ છે. તે માટે અમારી શક્તિ, સમય અને સાધન સામગ્રી અનુસાર અમે પ્રયત્ન કરતા રહીશું. તેમાં અમો સૌનો સહકાર માગીએ છીએ.

અમારી આ પ્રવૃત્તિમાં જે જે મહાનુભાવોને શાસ્ત્રીય કે ભાષા સંબંધી ક્ષતિ જણાય તેઓએ અમોને વિના સંકોચે પ્રેમભાવે જણાવતાં રહેવું. જેથી અમો લક્ષ આપી સુધારી લઇશું.

અમારી પાસે કાંઈજ ભંડોળ નથી. પૂજ્ય મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી કોઈ સદ્‌ગૃહસ્થ સહાયક થાય તોજ અમો પુસ્તક પ્રકાશન કરી શકીએ છીએ.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં જાવાલના કેટલાક સદ્‌ગૃહસ્થો સહાયક થએલ. તેઓની સહાયથીજ પુસ્તક પ્રકાશિત કરેલ. તેની ઘણીખરી કોપીઓ પૂજ્ય મહારાજશ્રી દ્વારા ભેટમાં અપાએલ. અને જૂજ કોપીમાંથી જે કાંઈ બચત થએલ તેમાંથી અમો નવા છપાવવાના પુસ્તક માટે ચિત્રો, ડીઝાઇનો, બ્લોકો વિગેરે કરા લઇએ છીએ

પૂજ મહારાજશ્રીના સદુપદેશથી સુરત જૈનાનંદ પ્રીં. પ્રેસના માલીક શ્રીયુત મોહનલાલ મગનલાલ બદામી પ્રેમભાવે અમારી મદદમાં ઉભા રહેવાથી કેટલાક સુધારાવધારા સાથે આ બીજી આવૃત્તિ અમો વાચકના કરકમલમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ. લી૦ પ્રકાશક.

વિ. સં ૨૦૦૮ અશાડ સુદ ૧ સોમવાર. અમદાવાદ

# —: પ્રવેશ વેળાએ :—

જૈન સિદ્ધાંતોનું બાલમાનસમાં સિંચન કરવાની આવશ્યકતા આ વેળાએ ખાસ લાગે છે. ધર્મ તત્ત્વને બાદ કરતી આજની પાશ્ચિમાત્ય કેળવણીના નશામાં ચકચૂર બનતા બાળકોની જીવનયાત્રામાં 'બ્રેઈક'ની આવશ્યકતા છે. ઊગતી પ્રજાને ધર્માભિમુખ બનાવવા માટે કોઇ આકર્ષક બાબત હોય, તો આજના યુગમાં કથા સાહિત્ય છે. પરંતુ કમનસીબે કલાનું લક્ષ્યબિંદુ ટકાવવા ધર્મની મૂળ હકિકતથી પણ વિરૂદ્ધ લખવા આજના લેખકો લલચાય છે. અને આથી બાળકોના કુમળા હૃદય પર ઊલટી છાપ પડવાનો સંભવ રહે છે. આથી બાળકોને ઉપયોગી એવી કોઈ શ્રેણિ શરૂ કરવાની જરૂરિયાત લાગતી હતી

મને માલુમ પડે છે કે **શ્રી નેમિ–અમૃત–ખાન્તિ નિરંજન ગ્રંથમાલાની શિશુબોધ સોપાન ગ્રંથાવલિ અને શ્રી નેમિ વિજ્ઞાન ગ્રંથમાલાની** શુભશ્રેણિ આજે એ રાહ પર છે. અત્યાર સુધીમાં **શિશુબોધ સોપાન ગ્રંથાવલિએ** છ સોપાનો જૈન સમાજને અર્પણ કર્યા છે. એ પુસ્તકોનું વિહગાવલોકન કરતાં મને સ્પષ્ટ માલુમ પડેલ છે કે આ ગ્રંથાવલિ જરૂર જૈન શાસનના સિદ્ધાંતો અને આદર્શોની બાલમાનસ પર સુઅસર મધમધાવશે, અને તેથી આ પુસ્તિકા **'વિક્રમાદિત્ય'** પુનઃ આવૃત્તિ પામે છે, તે તેનો પ્રત્યક્ષ પુરાવો છે. **સાહિત્ય પ્રેમી પૂ. મુનિરાજ શ્રીનિરંજનવિજયજીની** કલમ બાળકોને રૂચિકર નીવડી છે. તેમની કલમથી આલેખાયેલ કોઈ પણ પુસ્તકનો આદર્શ સમજવો એ બાળકોને માટે પારો પચાવવા જેવી બાબત નહિ જ નીવડે તેવી મને દૃઢ ખાત્રી છે. અને તેથી તેઓશ્રી આવું સાહિત્ય સમાજને પીરસતા રહે તેવી હાર્દિક ઇચ્છા હું વ્યક્ત કરૂં છું.

આ પુસ્તિકાના ફરમાઓ પૂજ્યશ્રીએ મને બતાવેલા. મેં તે વાંચેલા છે. મહાપ્રતાપી મહારાજા શ્રીવિક્રમાદિત્યને રાજ્ય પ્રાપ્તિ કેવા સંયોગોમાં અને ક્યારે થઈ તથા પોતાનું જીવન કેવી રીતે પસાર કર્યું, તે સમગ્ર

હકિકત સંક્ષિપ્તમાં સમજાવવાનો પ્રયસ કરવામાં આવ્યો છે, જે ખરેખર સ્તુત્ય છે.

આજે વિક્રમાદિત્યને કોણ ન ઓળખે ? જેના નામથી આજે સંવત ચાલી રહ્યો છે તે પ્રતાપી પુરૂષનું બાહ્ય અને આંતર જીવન કેવું હતું તે આ પુસ્તિકા દ્વારા બાળકો સમજી શકશે. રાજ્યવહિવટ ચલાવવા છતાં પણ જેનું હૃદય જૈન ધર્મના રંગે પૂર્ણ રંગાયું હતું, તે મહાપુરૂષ વિક્રમાદિત્યના સમકાલિન **પૂ. આ. ભગવાન શ્રીસિદ્ધસેનદિવાકર-સૂરીશ્વરજીનો** પરિચય પણ આ પુસ્તક દ્વારા વાચકોને થાય છે. જૈન સમાજથી જેનું ઋણ નહિ ફેડી શકાય એવા **શ્રી ભક્તામરસ્તોત્રના** રચયિતા આચાર્ય ભગવાન શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીનું તેજસ્વી પાત્ર આ પુસ્તિકાની શોભા વધારે છે. વળી આચાર્યશ્રીથી ઉદ્ભવેલા ચમત્કારિક બનાવો વગેરે બાબતોથી બાળકોને જૈન ધર્મની ભવ્યતાનો ખ્યાલ આવશે, એ ચોક્કસ છે. આમાં જે જે હકિકતો શબ્દદેહ પામી છે તે પૈકી એકાદ પણ ઐતિહાસિક અસત્ય કે કાલ્પનિક નથી જ. આથી આ પુસ્તિકાના વાચન વેળાએ પુરાતન ઈતિહાસ યથાતથ રૂપે ખડો થાય છે, જે આ પુસ્તકની ખુબી છે.

પુસ્તિકાને વધુ સુંદર બનાવવા માટે તેને સચિત્ર બનાવવામાં આવેલ છે, તે પ્રયાસ આવકારદાયક છે. તેથી પ્રથમ આવૃત્તિ કરતાં પણ આ આવૃત્તિ વધુ સમૃધ્ધ બનશે તેમ મને લાગે છે. પ્રથમાવૃત્તિ કરતાં આમાં બે ત્રણ પ્રસંગો નવા ઉમેરવામાં આવ્યા છે.

અંતમાં આ શ્રેણિ જેમ જેમ ઉત્તરોત્તર વધુ પ્રગતિ કરતી જાય તેમ તેમ નવા નવા સોપાનો પ્રગટ કરાવવાની પૂજ્ય મહારાજશ્રીની ભાવના છે, અને એ કાર્ય તેમના હાથથી પાર પડો તેમ હું પ્રાર્થું છું.

આ બીજી આવૃત્તિને સૌ કોઈ પ્રેમથી આવકારશે તેવી આશા રાખવી શું સહજ નથી ?

રાણપુર
જ્યેષ્ઠ પૂર્ણિમા
૨૦૦૮

**મનવંતરાય મણીલાલ શાહ.**

## સાધર્મિક ભક્તિની મહત્તા

સાધર્મિક બન્ધુઓની સંગતિ મોટા પુણ્યથીજ મલી શકે છે તો તેઓની યોગ્ય ભક્તિ પ્રાપ્ત થવી તેમાં તો પૂછવુંજ શું? તે માટે 'શ્રાદ્ધવિધિ'માં પણ કહ્યું છે કે:—

**एगत्थ सव्वधम्मा, साहम्मिअवच्छलं तु एगत्थ ॥**
**बुद्धितुलाइ तुलिआ, दोवि अ तुल्लाई भणिआई ॥१॥**

ભાવાર્થ:—કોઈ બુદ્ધિમાન પુરુષ પોતાની બુદ્ધિરૂપી ત્રાજવાના એક બાજુના પલ્લામાં સર્વ ધર્મ કાર્યોને સ્થાપન કરે અને બીજી બાજુના પલ્લામાં સાધર્મિક ભાઈઓની ભક્તિને સ્થાપન કરીને જો તોલે તો બન્ને પલ્લા તુલ્ય થાય. ૧. વળી એક સ્થાને કહ્યું છે કે—

**साधर्मिकेषु सानिध्यं, सत्यां शक्तौ न यः सृजेत् ॥**
**सारं सर्वज्ञधर्मस्य, न ज्ञातं तेन वस्तुतः ॥२॥**

ભાવાર્થ:—શક્તિ છતાં જે શ્રાવક સાધર્મિક ભાઈઓના સગપણ સંબંધને ન સાચવે તે શ્રાવક ખરી રીતે સર્વજ્ઞ પ્રભુના ધર્મનો સાર પામ્યો નથી અર્થાત્ શ્રી જિનેશ્વર ભગવંતના શાસ્ત્રનો સાર સમજ્યો નથી. શાસ્ત્રમાં તો એટલે સુધી કથન કર્યું છે કે:—

**साहम्मिअंमि पत्ते, घरंगणे जस्स होइ न हु नेहो ॥**
**जिनसासणे भणिअमिणं सम्मत्ते तस्स संदेहो ॥३॥**

ભાવાર્થ:—સાધર્મિક પોતાના ઘર-આંગણે આવે ત્યારે જેને સ્નેહભાવ ઉત્પન્ન ન થાય તેને માટે જિનશાસન ચોકખું કહે છે કે તેના સમ્યકત્વ ધર્મમાં પણ સંદેહ જાણવો. તેથીજ પૂર્વના ઉત્તમ શ્રાવકો હંમેશાં મનમાં વિચારતા કે:—

**पतन्तु धर्मबंधूनाम्, मा कदाश्रूणि दुःखतः ॥**
**न शक्ताः तद्वयं द्रष्टुं, नित्यं तद्दुःखदुखिताः ॥४॥**

ભાવાર્થ:—દુઃખથી મારા ધર્મબન્ધુઓની આંખોમાંથી કોઈ પણ વખતે આંસુ ન પડો તે ધર્મબન્ધુઓના દુઃખથી હંમેશાં દુઃખી અમે તે આંસુ જોવાને શક્તિમાન નથી. ૪

સ્વામિના સગપણ સમો, અવર ન સગપણ કોય;
ભક્તિ કરો સ્વામી તણી, સમકિત નિર્મલ હોય ॥૫॥

સં. ૨૦૦૪ પોષ વદ ૧૪ શનિવાર.
જૈન ઉપાશ્રય. મુ. બીજોવા.

લેખક:—
**મુનિ શ્રી નિરંજનવિજયજી મ.**

ॐ

# લેખકનું પ્રાક્-કથન

॥ प्रातःस्मरणीय पूज्यपाद श्रीमद् विजयनेमिसूरीश्वर सद्गुरुभ्यो नमो नमः ॥

આજથી ચાર વર્ષ પૂર્વે શ્રી વીર નિર્વાણ સંવતના ૨૪૭૦ વર્ષ અને વિક્રમ સંવતના ૨૦૦૦ વર્ષ પૂરાં થતાં હોવાથી તે નિમિત્તે (સમ્રાટ વિક્રમાદિત્યના સંવત્સરીની બીજી સહસ્રાબ્દિની પૂર્ણાહુતિ અને ત્રીજી સહસ્રાબ્દિના પ્રારંભના સંધિકાલે) અખિલ ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુનિ સંમેલન સંસ્થાપિતા :—"શ્રી જૈન ધર્મ સત્ય પ્રકાશક સમિતિ"ની તરફથી પ્રગટ થતા **'શ્રી જૈન સત્ય પ્રકાશ'** નામના માસિકના ક્રમાંક ૧૦૦ ને 'વિક્રમ-વિશેષાંક' રૂપે અનેક જૈનાદિ ઐતિહાસિક વિગતોથી ભરપૂર દળદાર વિશેષાંક તૈયાર કરી બહાર પાડવા નિર્ણય કરાયેલ અને તે મુજબ સમિતિ તરફથી પૂજ્ય મુનિવરોને તથા અન્ય લેખકોને પત્રિકાદ્વારા લેખ લખી મોકલાવવા આમંત્રણ કરેલ, તદનુસાર મેં પણ આ લેખ તૈયાર કરેલ.

તે સમયે મહુવા બંદરમાં પરમપૂજ્ય, પરોપકારી, પરમકૃપાળુ, પ્રાતઃસ્મરણીય શાસનસમ્રાટ આચાર્યશિરોમણિ પૂજ્યપાદ ગુરૂ ભગવંત **શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજ સાહેબની નિશ્રામાં ચાતુર્માસ દરમિયાન ચાલુ ફુલસકેપ ૨૨ પેજનો **"અવન્તીપતિ મહારાજા વિક્રમાદિત્ય"** એ હેડીંગવાળો આ લેખ તૈયાર કરી 'સમિતિ'ને મોકલાવેલ હતો. પરન્તુ સમિતિની સગવડ અનુસાર (તે વખતે લખેલ) આ લેખમાંથી સંસ્કૃત શ્લોકો અને કેટલાક ભાગ છોડી દઇને, તે લેખ વિક્રમ-વિશેષાંકનાં ૩૨૪ થી ૩૩૦ સુધીના ૭ પૃષ્ટોમાં **માલવપતિ વિક્રમાદિત્ય'** એ હેડીંગથી છપાયેલ.

ઉપરોક્ત મૂળ લેખની બીજી નકલ મારી પાસે હતી, તે બે ચાર શ્રાવક બન્ધુઓએ વાંચતાં તેઓએ આ આખો લેખ લઘુ પુસ્તિકારૂપે બહાર પડાવી સમાજના ચરણે ધરવા મને આગ્રહપૂર્વક પ્રેરણા કરી. તેથીજ આ લેખ ફરીથી એક વખત અવલોકી જવા વિચાર આવ્યો પણ **"ગઈ કાલનો અનુભવ આજની દૃષ્ટિએ આપણને અધુરોજ**

ભાસે છે." આ ઉક્ત અનુસાર જોઈએ તો આ લઘુ લેખમાં ઘણું ઘણું ઉમેરવા જેવું મને લાગે છે, છતાં આ મૂળ લેખમાં વિશેષ કાંઈ જ ફેરફાર કર્યા સિવાય સહજ સુધારી આ નાની પુસ્તિકારૂપે વાચનવર્ગ આગળ ધરવામાં આવ્યો છે.

મૂળ સંસ્કૃત કે પ્રાકૃત ભાષાના ચરિત્રોમાં ઘણા ગર્ભિત અર્થો નીકળે છે, જે ભાષાન્તર કે અનુવાદમાં કદીએ ઉતરી શકે જ નહિ. પરન્તુ અલ્પ અભ્યાસી બાળજીવો માટે તો રૂચિકર જીવન વૃત્તાન્તો ઉપયોગી છે, તે સદાયે યાદ રાખવું જરૂરી છે. અહિં એક પ્રશ્ન સહજ થશે કે બાળ જીવો કોને કહેવા? એનો જવાબ એ છે કે ઉંમરે ભલેને મોટા હોય પણ સુશાસ્ત્રીય જ્ઞાનનો જેમને અભાવ વર્તે છે, તેને વાસ્તવિક રીતે બાળ-જીવો કહેવાય.

આ લેખમાં જો કે પ્રસંગોપાત બે ચાર સ્થળોએ સહજ પુષ્ટિકારક અને રોચકતા માટે વિવેચનાત્મક વર્ણન કરેલ છે, પણ મૂળ વસ્તુને ક્ષતિ ન પહોંચે તેના માટે ખાસ કાળજી રખાઈ છે.

ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ બાદ ૪૭૦ વર્ષે વિક્રમનો સંવત ચાલુ થયો છે. આ બીના પ્રમાણિક જૈન ગ્રંથોના પરિશીલન અને અભ્યાસથી સારી રીતે જાણી શકાય છે.

પરદુઃખભંજન મહારાજા વિક્રમાદિત્ય ચુસ્ત જૈન હતા, એ વસ્તુને જણાવનારા સેંકડો વર્ષો પહેલાંના, સંસ્કૃત તથા ગુજરાતી ભાષામાં લખાયેલા હસ્ત લિખિત તથા છપાએલાં ઘણાં પુસ્તકો વિદ્વાનોને આજે મલી આવે છે.

વળી હાલમાં કેટલાક લેખકો એવા મંતવ્યો ધરાવનારા દેખાય છે કે મહારાજા વિક્રમાદિત્ય જૈન હતાજ નહિ. અગર થયાજ નથી. એમની એ માન્યતા બરાબર નથી અથવા ભૂલ ભરેલી છે.

"હાલના જમાનાના રંગે રંગાયેલાનો સ્વભાવ જ જાણે એવો પડી ગયો છે કે ઐતિહાસિક વસ્તુને અનૈતિહાસિકને નામે ચઢાવી, એક વાર તો ધર્મી પ્રજામાં સંશય-ભ્રમ ઉભો કરવો, પછી ભલેને તે પોતાનો કુતર્ક ઘડીભર પણ ન ટકે, પણ એક વખત ભોલી પ્રજામાં ભ્રમણા ઉત્પન્ન

કરવા જોરથી પ્રયાસ કરી જુએ. હઠાગ્રહીઓના કુતર્કો અને અસત્ કલ્પનાઓની સામે તો એક પણ દલીલ નકામી છે, કારણ કે “ **ब्रह्मापि तं नरं न रञ्जयति**” (બ્રહ્મા પણ તે મનુષ્યને રાજી કરી શકતા નથી.)

જેમકેઃ—હાલમાં કેટલાક વખતથી નામધારી સુધારકો તરફથી, સદ્ધર્મ આરાધક પ્રજામાં શાસ્ત્રાનુસારી જે જીવો યથાશક્તિએ ધર્મ આરાધનામાં જોડાતા હોય તેઓને યેનકેન પ્રકારે વિઘ્ન-અન્તરાયો કરવાના આશયથી જ, પર્યૂષણા જેવા મહામાંગલિક પર્વ વિગેરેમાં વ્યાખ્યાનમાલાઓ કે એના જેવા બીજા આડકતરા કાર્યક્રમો ઉભા કરીને, અલ્પ અભ્યાસી બાળ જીવોને શ્રીકલ્પસૂત્ર શ્રવણ કરવા અથવા ગુરૂ મુખે વ્યાખ્યાન સાંભળવા જતાં રોકવા માટે જ એક યુક્તિ રચાયેલ છે, એનો કયો સમજુ મનુષ્ય ઈન્કાર કરી શકે તેમ છે?

વસ્તુતઃ હાલના કેટલાક વક્તાઓ અને સાક્ષરો પણ કેવળ સ્વબુદ્ધિ અનુસાર અનુમાનો અને અવાસ્તવિક કલ્પનાઓ કરી કેટલીક વાર નક્કર સત્ય વસ્તુને પણ પિંખી નાંખે છે. આવી આવી કલ્પનાઓને દેખીને જ સ્વર્ગસ્થ મહામહોપાધ્યાય પં. દુર્ગાપ્રસાદને અને શ્રી પાંડુરંગ પરબને સાફ સાફ લખવું પડયું છે કે—

**“प्रायः यूरोपियन विद्वानोंका यह स्वभाव हि हैं कि भारतवर्षके प्राचिनतम ग्रन्थो एवं उनके रचयिताओंको अर्वाचीन सिद्ध करनेका जहां तक हो शके वे प्रयत्न करते हैं। और उनका प्राचीनत्व दृढ प्रमाण मिल भी जावे तो उसको ‘प्रक्षिप्त’ कह कर अपनेको जो अनुकूल हो उसे आगे करते हैं।”**

**(निर्णयसागर प्रेस प्रकाशित ‘कथासरित्सागर’ संस्करण भूमिका, भूमिका पृ. १)**

અહિં આશ્ચર્યની વાત એ છે કે આપણા દેશના કેટલાક સાક્ષરો પણ વિદેશીઓની નક્કલ **‘વિના અક્કલે કરે છે’** જેમકે આપણા પૂર્વજો અ ભ્ય અને જંગલી વાંદરા કે વાંદરા જેવા હતા. ધીમે ધીમે

વિદેશીઓ વિગેરેને જોઈને સભ્યતા વિગેરે આપણે શીખ્યા છીએ, આધુનિકો આવું આવું અસંગત લખીને પોતાની બુદ્ધિનું કેવળ પ્રદર્શન કરે છે. આધુનિક સાક્ષરો, વક્તાઓએ ખૂબ યાદ રાખવું ઘટે કે પ્રાચીન વસ્તુઓને માત્ર કલ્પનાના તરંગોમાં ખેંચી કદાપિ કાલે ખોટી માની કે મનાવી નહિ શકાય, અર્થાત્ અહિં મારી કહેવાની મતલબ એ છે કે માત્ર ઉપલક દૃષ્ટિએ વિચાર કરી પોતાના વિચારને જ માફક આવે તેજ સાચું અને અન્ય ખોટું એવા ઉચ્છૃંખલ વિચારોથી આધુનિકો [સુધારકો ?] એ બચવું.

પ્રાચીન કાળમાં લખાયેલા કથાનકો કે વસ્તુકથનો કેવળ ઉપજાવી કાઢેલા કે અતિશયોક્તિવાલા છે, એવી માન્યતાવાલા કે એવી અસંગત કલ્પના કરનારાઓ માટે આપણે દયા જ બતાવવી જોઈએ, કારણ કે **"बुद्धिः कर्मानुसारिणी"** પોતાની અલ્પ બુદ્ધિ જ્યાં ન ચાલે તેને અસત્ય કે અપ્રમાણિક માનવા લલચાઈ જવું એ તદ્દન અજ્ઞાન જન્ય ઘટના છે અર્થાત્ પોતાની અજ્ઞાનતા જગજાહેર કરવા જેવું કર્તવ્ય છે. જેમઃ-પૂજ્યપાદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી-ઉપાધ્યાયજી મહારાજે **'ज्ञानसार ग्रन्थ'**ના ૨૪ મા શાસ્ત્રાષ્ટકમાં કહ્યું છે કે—

**अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥१॥**

જડ-અવિવેકી મનુષ્યો શાસ્ત્રરૂપ દીપક સિવાય (ચક્ષુ વિના) અદૃષ્ટ-

નહિ દેખેલ-પરોક્ષ વસ્તુ પાછળ (નાના બાલકની જેમ) દોડતા પગલે પગલે સ્ખલના પામતા, ઠોકર ખાતા અતિ ખેદ પામે છે.

'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિકનો ક્રમાંક ૧૦૦ મો તે વિક્રમ વિશેષાંક વિવેચનાત્મક લેખો અને સાધન સામગ્રીથી ભરપુર છે. તે અભ્યાસીઓને ખાસ વિવેકપૂર્વક અવલોકન કરવા યોગ્ય છે. **अस्तु**


લીઃ-પૂજ્યપાદ શ્રી નેમિ-અમૃત-ખાન્તિચરણોપાસક મુનિ નિરંજનવિજય.
વિ સં. ૨૦૦૩ના ભાદરવા સુદ ૮ સોમવાર. જૈન ઉપાશ્રય-જાવાલ

ॐ ऐं नमः

## સમર્પણ:—

આ સામે જે ફોટો આપવામાં આવ્યો છે તે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક / જૈન આલમના ઝળહળતા કોહીનૂર સમા મહાપ્રભાવશાલી મહાપુરુષનો છે–જેઓશ્રીના પરમપવિત્ર કરકમલથી મને વિક્રમ સંવત ૧૯૯૧ના ચૈત્ર વદ ૨ શનિવારે શ્રીકદમ્બગિરિ મહાતીર્થમાં પારમેશ્વરી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થઈ છે.

"તેઓશ્રીની અદ્ભૂત સુંદર સૌમ્ય આકૃતિ ઘણા ભવ્ય પ્રાણીઓ રૂપ કમલોને શરદ પૂર્ણિમાના ચન્દ્રમા સમાન આનંદદાયક લાગે છે; જ્યારે શાસનના બહારવટીયા–ધાડપાડુ જેવા પ્રતિકો રૂપ ઘુવડોને તેઓ પ્રચંડ સૂર્ય જેવા ભાસે છે, તેથી જ સ્વમતાગ્રહીઓ કે પોથાપંડિતો અને ધર્મદ્વેષીઓ તેઓશ્રીથી દૂરના દૂર ભાગે છે."



તેઓશ્રી:-સકલ શાસ્ત્રસિદ્ધાન્ત વાચસ્પતિ, અનેક ગ્રન્થરચયિતા, વિદ્યાપીઠાદિ પંચપ્રસ્થાનમય શ્રીસૂરિમંત્રસમારાધક, જંગમયુગપ્રધાન કલ્પ, શાસનસમ્રાટ્, સૂરિચક્રચક્રવર્તિ, સર્વતંત્રસ્વતંત્ર, તપોગચ્છાધિપતિ શ્રી કદમ્બગિરિ મહાતીર્થ, કાપરડાજી તીર્થ, રાણકપુર તીર્થ, કુંભારીયાજી તીર્થ, પોસિના તીર્થ, શેરીસા તીર્થ, સ્થંભન તીર્થ, શ્રી તલાજા તીર્થ, રોહીશાળા તીર્થ, વલ્લભીપુર આદિ અનેક મહાતીર્થોદ્ધારક સૂરિસમ્રાટ્ પ્રાતઃસ્મરણીય **પૂજ્યપાદાચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના** કરકમલમાં

**સાદર સમર્પણ-કર્ત્તા:-**

શ્રી નેમિ–અમૃત–ખાન્તિચરણોપાસક મુનિ **નિરંજનવિજય.**

વિ. ૨૦૦૩ મુ. જાવાળ, મારવાડ

શાસનસમ્રાટ્ તપોગચ્છાધિપતિ-અનેક નૃપતિ-પ્રતિબોધક-સૂરિચક્રચક્રવર્તિ-શ્રી કદમ્બગિરિ-પ્રમુખ-તીર્થોદ્ધારક-પ્રૌઢપ્રભાવશાલિ-પરમપૂજ્ય બાલબ્રહ્મચારિ-

**આચાર્ય મહારાજા શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

જન્મ : વિ. સં. ૧૯૨૯ કાર્તિક શુદ ૧ શુક્રવાર મહુવા (સૌરાષ્ટ્ર)



ગણિપદ : વિ. સ. ૧૯૬૦ કાર્તિક વદ ૭. વળા-વલ્લભીપુર
પંન્યાસપદ : વિ. સ. ૧૯૬૦ માગશર શુદ ૩. વળા-વલ્લભીપુર
સૂરિપદ : વિ. સ. ૧૯૬૪ જ્યેષ્ઠ શુદ ૫. ભાવનગર
સ્વર્ગવાસ : વિ. સ. ૨૦૦૫ આસો વદ અમાસ. (દીવાળી) શુક્રવાર મહુવા

સ્વ. શાસનસમ્રાટ્ના પટ્ટપ્રભાવક શાસ્ત્ર વશારદ, કવિરત્ન, પીયૂષપાણિ. બાલબ્રહ્મચારી,
ભટ્ટારકાચાર્ય શ્રી વિજય-અમૃતસૂરીશ્વરજી મહારાજ

જન્મ : સં. ૧૯૫૨
બોટાદ.
દીક્ષા : સં. ૧૯૭૧
જાવાલ.
પન્યાસ તથા ગણિ પદ:
સં. ૧૯૮૫ મહુવા.



ઉપાધ્યાયપદ :
સં. ૧૯૯૧ મહુવા.

આચાર્યપદ :
સં. ૧૯૯૨ અમદાવાદ.



પૂ. મુ. શ્રી ખાન્તિવિજયજી મહારાજ

આ પુસ્તિકાના લેખક
પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી



છપાઈ ગયેલ છે ! મગાવો !

# મહારાજા વિક્રમાદિત્ય

## ભાગ પહેલો ( હિન્દીમાં )

હાલમાં જ અમારી ગ્રન્થમાલાનું આ ૨૭ મું પુસ્તક બહાર પડયું છે. આમાં ભારત વર્ષને ઋણ રહિત કરી પોતાના નામનો નવો સંવત્સર




પ્રવર્તાવનાર પરદુઃખભંજક **મહારાજા વિક્રમાદિત્યનું** ચરિત્ર સૌ સમજી શકે તેવી સરલ હિન્દી ભાષામાં ૫૫ ભાવવાહી ચિત્રો સાથે આપવામાં આવ્યું છે. આ ચરિત્ર એવું રસિક છે કે પુસ્તક વાંચવાનું શરૂ કર્યા પછી નીચે મૂકવાનું મન થશે નહિ. ગુર્જર વાચકો પણ સહેલાઈથી વાંચી શકે તેવી હળવી હિન્દી ભાષા એ આ પુસ્તકનું ખાસ આકર્ષણ છે. તમારી લાયબ્રેરીમાં આ પુસ્તક વસાવ્યા વગર નહિ જ ચાલે. પાંચસો પાનાનું દળદાર પુસ્તક અને બાઈંડીંગ છતાં કિંમત : **રૂા. પાંચ**

પ્રાપ્તિસ્થાન : **જશવંતલાલ ગિરધરલાલ શાહ**
૧૨૩૮, રૂપા સુરચંદની પોળ, **અમદાવાદ.**

તા. ક. **આનો બીજો ભાગ પણ ટૂંક સમયમાં બહાર પડશે.**

મૂળકર્તા : **પં. શ્રી શુભશીલ ગણીવર્ય.**

હિંદી ભાવાનુવાદક : **સાહિત્યપ્રેમી મુનિશ્રી નિરંજનવિજયજી.**

# સુરત નિવાસી—
# શ્રીયુત્ મગનલાલ પરસોત્તમદાસ બદામી
# સ્મારક સીરીઝ

સં. ૨૦૦૮ના ચૈત્ર માસમાં સુરતનિવાસી શ્રીજૈનાનંદ પ્રેસના માલિક શ્રીયુત **મોહનલાલ મગનલાલ બદામી** અમદાવાદ આવેલા. તે વખતે તેઓ પાંજરાપોળમાં **પૂજ્ય મુનિશ્રી નિરંજનવિજયજી** મહારાજને વંદન કરવા આવેલા ત્યારે પૂજ્ય મુનિશ્રીએ તેમને શ્રાવક યોગ્ય ધર્મોપદેશ આપતાં તેમના સદ્ગત પિતાશ્રીના સ્મરણાર્થે કાંઈક સુકૃતકાર્ય યથાશકિત કરવા માટે સૂચન કર્યું. તેથી તેમણે મહારાજશ્રી પાસે માર્ગ-દર્શન માગતાં મહારાજશ્રીએ હાલના વિષમ કેળવણીના વાતાવરણમાં બાલ જીવોને ઉપયોગી ધાર્મિક હળવું સાહિત્ય ઘણું જરૂરી અને લાભદાયી હોવાનું જણાવ્યું અને તે બાબતમાં છેલ્લાં કેટલાક વર્ષોથી તેમનો પ્રયત્ન ચાલુ છે તે હકીકત જણાવી અને પ્રકાશિત થએલાં પુસ્તકો તેમને આપ્યાં. તે પુસ્તકોનું અવલોકન કરતાં મોહનભાઈના મનમાં પણ આ પ્રવૃત્તિ લાભદાયી જણાવાથી તેમણે પોતાના પિતાશ્રીના સ્મરણાર્થે તેમના નામની સીરીઝ છપાવવાની પોતાની ઈચ્છા જણાવી અને મહારાજશ્રીએ લખેલ **શ્રી શિશુબોધ સોપાન ગ્રન્થાવલિનું** જે પહેલું સોપાન **અવન્તી પતિ મહારાજા વિક્રમાદિત્ય** વિ. સં. ૨૦૦૪ માં છપાએલું તે પુસ્તક છપાવવાની ઈચ્છા જણાવી અને તેથી આ સીરીઝના પ્રથમ પુષ્પ તરીકે તેની બીજી આવૃત્તિ ઘણા સુધારા વધારા સાથે તથા સુંદર ભાવવાહી ૧૫ ચિત્રો સાથે પ્રગટ કરવામાં આવેલ છે.

આ સીરીઝના નામે પ્રગટ થએલ પુસ્તકમાંથી પૂ૦ મહારાજશ્રી દ્વારા કેટલાક ભેટમાં અપાશે. તે સિવાય પુસ્તકના વેચાણમાંથી ખર્ચ વગેરે થયું હોય તે બાદ કરતાં વધેલી રકમમાંથી ક્રમવાર બીજાં પુષ્પો છપાવવા એવી યોજના વિચારેલ છે. **મોહનભાઈ બદામીની** ઉદાર ભાવની આ સહાયથી આ ગ્રંથાવલીને જે પ્રોત્સાહન મળ્યું છે તે માટે અમો તેઓશ્રીના આભારી છીએ. આવી બાલોપયોગી પુસ્તકોની યોજનામાં બીજા સેવાભાવી ધર્મપ્રેમી સુખી ગૃહસ્થો પણ પોતાના લક્ષ્મીનો સદુપયોગ કરી ધાર્મિક સાહિત્યના વિકાસમાં ફાળો આપો એવી ઈચ્છાપૂર્વક વિરમીએ છીએ.

લી૦ પ્રકાશક

ॐ श्रीमद् विजय नेमि-अमृत-सूरीश्वराभ्यां नमो नमः

શિશુ—બોધ—સોપાન ગ્રંથાવલીનું—પ્રથમ સોપાન

# અવન્તીપતિ મહારાજા વિક્રમાદિત્ય

(જેમાં:—અવન્તિ નગરીનું ટૂંકું વર્ણન વીર શીરોમણિ મહારાજા વિક્રમાદિત્યે રાજગાદીએ બેસી, પોતાના સાહસ બળે તથા બુદ્ધિ કુશલતાથી અગ્નિવેતાલ રાક્ષસને વશ કરી સુંદર રીતે રાજ્યધૂરાને વહન કરી; તેમજ શાસનના મહાન્ પ્રભાવક પૂજ્યપાદાચાર્ય શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ દ્વારા શ્રી અવન્તિ પાર્શ્વનાથ ભગવાનની ઉત્પત્તિ અને તેમણે કહેલ મહાત્મ્ય, અને સૂરીશ્વરજીના સદુપદેશથી પ્રતિબોધ પામીને શ્રીવિક્રમાદિત્ય મહારાજા સદ્ધર્મ સન્મુખ થયા. 'સર્વજ્ઞપુત્ર' બિરુદની સાર્થકતા કરી બતાવી, અને ૐકારપુરમાં બંધાવેલ જિનાલયનો વૃત્તાન્ત વિગેરે જાણવા લાયક બે ચાર પ્રસંગો અને શ્રી સિદ્ધસેનદિવાકર સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઘણા આચાર્ય ભગવંતો અને ચતુર્વિધ સઘને સાથે લઈ, મહારાજા વિક્રમાદિત્યે અપૂર્વ ઉત્સાહથી શ્રી જૈન શાસનની પ્રભાવના કરવા પૂર્વક અત્યંત પ્રભાવશાળી તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢી કરેલી તીર્થભક્તિ આદિ રોચક હકિકત આપેલ છે.

અધ્યાત્મકલ્પદ્રુમ અને સંતિકરં સ્તોત્ર આદિના પ્રણેતા 'કૃષ્ણ સરસ્વતી' બિરુદધારક પ૦ પૂ૦ આ૦ શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પ૦ શ્રી શુભશીલ ગણિવર્ય મહારાજે ખંભાત-સ્થંભતીર્થમાં વીર સંવત ૧૯૬૦ વિક્રમ સં. ૧૪૯૦)ના

મહા સુદી ૧૪ને રવિવારે રચના કરેલ સંસ્કૃત પદ્યબદ્ધ વિક્રમ-ચરિત્રમાંથી અમુક રજકણો લઈ જીવન રેખા દોરેલ છે. અર્થાત્ મૂળ ચરિત્રના આધારે અહિં બે ચાર વિશિષ્ટ પ્રસંગોનુંજ વિવરણ કરેલ છે. જો કે તેમાં બેચાર પ્રસંગોમાં વાચક બન્ધુઓની રોચકતા માટે બે ચાર સ્થળોએ સહજ પુષ્ટિકારક અને વિવેચનાત્મક વર્ણન કરેલ છે, છતાં મૂળ વસ્તુને ક્ષતિ ન પહોંચે તે માટે ખાસ કાળજી રખાઈ છે.

મૂળ સંસ્કૃત ચરિત્રમાં દાન, પરોપકાર, સાહસ વિગેરે ગુણોના સંબંધમાં તથા સ્ત્રીચરિત્ર આદિમાં અદ્ભૂત ચમત્કારી રસભર્યા અનેક દૃષ્ટાન્તો પણ કહેવામાં આવ્યા છે, પણ સ્થળ સંકોચને કારણે અત્રે આ નાની પુસ્તિકામાં તે આપી શકાયા નથી. કથાનકના જિજ્ઞાસુ આત્માઓએ* વિક્રમાદિત્યનું સંપૂર્ણ ચરિત્ર, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી અને વિક્રમ, તેમજ પ્રભાવકચરિત્ર તથા પ્રબંધચિંતામણિ આદિ ગ્રંથો ખાસ અવલોકવા જોઈએ.

લેખક : શ્રી નેમિ-અમૃત-ખાન્તિ ચરણોપાસક—

**મુનિ નિરંજનવિજય.**

---

*વિક્રમાદિત્ય મહારાજાના સંપૂર્ણ ચરિત્રના હિન્દી અનુવાદનો પ્રથમ ભાગ ૫૦ સુંદર ચિત્રો સાથે આજ પૂ૦ લેખક શ્રી તરફથી તૈયાર થઇ ને પાંચસો પેજનો બહાર પડેલ છે. તેનો બીજો ભાગ પણ શીઘ્ર બહાર પાડવા 'ગ્રંથમાલા' ઉમેદ રાખે છે. તે મંગાવી ખાસ વાંચો તેમાં ઘણું જાણવા જેવું છે. પ્રચાર માટે માત્ર કિંમત પાંચ રૂપીયા.


લખો : **જસવંતલાલ ગિરધરલાલ શાહ.**
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, **અમદાવાદ.**

**લી. પ્રકાશક.**

॥ ॐ अर्हम् ॥

અચિન્ત્ય પ્રભાવશાલી શ્રીઅવન્તીપાર્શ્વનાથાય નમો નમઃ

# અવન્તીપતિ મહારાજા વિક્રમાદિત્ય.



લેખક : સાહિત્યપ્રેમી પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી મ૦

## ૧. અવન્તી નગરીનું વર્ણન—

અહા! કેવી રમણીય આ નગરી શોભી રહી છે? નગરીની એક બાજુ ક્ષિપ્રા નામની નદી મંદ મંદ ગતિએ પરમાર્થ ભાવે વહી રહી છે. નગરીમાં પ્રવેશ કરવાના રસ્તાઓ પણ સુંદર દીપી રહ્યા છે. રસ્તાઓની બન્ને બાજુ આમ્રવૃક્ષો, આશોપાલવ, લીંબડા વિગેરે વિવિધ પ્રકારના વૃક્ષો, મુસાફરી કરીને આવેલા અતિથિઓનું સ્વાગત કરી, પોતાના શીતલ વાયુવડે પથિકોને સંતોષી માર્ગશ્રમ દૂર કરે છે.

આ પ્રાચીન [1]અવન્તી નગરી તીર્થંકર શ્રીરૂષભદેવ ભગવન્તના પુત્ર અવંતિકુમારના નામથી પ્રસિદ્ધિ પામી છે. અનુક્રમે શ્રમણ ભગવન્ત શ્રીમહાવીરસ્વામીના સમયે ત્યાં ચંદ્રપ્રદ્યોત રાજાનું શાસન ચાલતું હતું. ચંદ્રપ્રદ્યોત પછી અનુક્રમે નવ નંદો, ચન્દ્રગુપ્ત, અશોક તથા જૈનધર્મના પરમ આરાધક મહારાજા સંપ્રતિ વિગેરે શાસનપતિઓ થયા. ક્રમે કરીને ત્યાં ગન્ધર્વસેન રાજા થયા, તેમને એક ભર્તૃહરી અને બીજો આ* વિક્રમાદિત્ય એમ બે પુત્રો થયા. એકદા શૂલ રોગથી રાજાનુ અકસ્માત મરણ થયું. રાજાના અકસ્માત થયેલા આ મરણથી ભર્તૃહરી આદિ સર્વેને અત્યંત ખેદ થયો. આ ખેદ નિવારવા માટે તથા રાજ્ય સિંહાસન ઉપર પાટવી કુમાર ભર્તૃહરીને બેસાડવાનો વિચાર કરી, મંત્રી આદિએ મળી મૃત્યુ કાર્યથી પરવારીને ખુબજ ઉત્સવપૂર્વક ભર્તૃહરીનો રાજ્યાભિષેક કર્યો અને લઘુ બાંધવ વિક્રમાદિત્યને યુવરાજપદે સ્થાપન કર્યો. ભર્તૃહરી રાજ્યગાદીએ આવ્યા પછી ન્યાય, નીતિપૂર્વક પ્રજાનુ પાલન કરવા લાગ્યો. એક વખતે પટરાણી અનંગસેનાની ખટપટથી પરાક્રમી વિક્રમાદિત્યની અવજ્ઞા થવાથી યુવરાજ વિક્રમ "**मानभंगो दिने दिने**" આ નીતિકારના કથનને અનુસરી તરવાર લઈ પોતાના પહેરેલા વસ્ત્રે અવંતીથી કોઈને કહ્યા સિવાય અવધૂતના વેશમાં એકાકી ચાલી નીકળ્યો.

## ૨. રાજા ભર્તૃહરીને વૈરાગ—

કેટલોક સમય પસાર થયા પછી આ તરફ અવન્તીનગરીમાં એક દરિદ્ર બ્રાહ્મણે મહારાજા ભર્તૃહરીને અમર–દીર્ઘાયુ કરવાવાલું દિવ્ય ફલ આપ્યું. રાજાએ પ્રસન્ન થઈને બ્રાહ્મણને ઘણું દ્રવ્ય આપીને તેનું દારિદ્રય દૂર કર્યું. એ ફલ મહારાજાએ પોતે ન

[1]युगादिजिनपुत्रेणा–वन्तिना वासिता पुरी।
अवन्तीत्यभवन्नाम्ना, जिनेन्द्रालयशालिनी ॥ ९ ॥
मालवावनितन्वङ्गी–भास्वद्भालविभूषणम् ॥
अवन्ती विद्यते वर्या पुरी स्वर्गपुरीनिभा ॥१०॥

* બીજા મતે ગર્દભિલ્લ નામના રાજાથી વિક્રમની ઉત્પત્તિ મનાય છે.

ખાતાં પોતાની પ્રિય પટરાણી [1]"અનંગસેના"ને આપ્યું; રાણીએ તે ફલ પોતે ન ખાતાં પોતાના યાર મહાવતને આપ્યું. મહાવતે પણ તે ફલ પોતાની પ્રિય (જેના પ્યારમાં પડ્યો હતો તે) વેશ્યાને આપ્યું, અને વેશ્યાએ પણ પોતાનું 'અધમાધમ જીવન' સમજી એ ફલ પોતે ન ખાતાં, રાજસભામાં આવીને પરોપકારી મહારાજા ભર્તૃહરીને દીર્ઘ જીવન માટે અર્પણ કર્યું. મહારાજા આ ફલ જોઈ આશ્ચર્યચકિત થયા અને વિચાર કરવા લાગ્યા કે



"આ દીર્ઘજીવી ફલ મેં મ્હારી પ્રિય પટરાણીને આપેલું તે આ વેશ્યા પાસે ક્યાંથી?" આમ વિચાર કરી વેશ્યાને પૂછયું કે "આ ફલ તારી પાસે ક્યાંથી?"

મહારાજાએ વેશ્યા દ્વારા અને અન્ય ગુપ્ત માણસો દ્વારા તમામ સત્ય વસ્તુ જાણી તેથી સ્ત્રીઓની માયા-પ્રપંચ આદિનો ખૂબ વિચાર કરતાં છેવટે સંસાર પ્રત્યે અત્યન્ત વિરક્ત ભાવ ઉત્પન્ન થયો અને તેથી બોલ્યા કેઃ—

"यां चिन्तयामि सततं मयि सा विरक्ता,<br>
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ।<br>
अस्मत्कृते च परितुष्यति काचिदन्या,<br>
धिक् तां च तं च मदनं च इमां च मां च" ॥४॥

[1] આનું જ બીજું નામ પિંગલા હોય એમ લાગે છે.

"હંમેશાં જે પટરાણીનું હું ચિન્તન કરૂં છું તે મારા ઉપર વિરક્ત થઈને બીજા પુરુષ–મહાવતને ઈચ્છે છે, જે પુરુષને તે ઈચ્છે છે તે પુરૂષ વળી બીજી સ્ત્રી–વેશ્યામાં આસક્ત છે, તે વેશ્યા મારી ઉપર આસક્ત થઈ છે, તે રાણીને, તે મહાવતને, કામને તથા આ વેશ્યાને અને મને ધિક્કાર થાઓ ? ધિક્કાર થાઓ ?"

અમાત્યો તથા મુખ્ય પૌરજનોએ ઘણું ઘણું વિનવ્યા છતાંએ, મહારાજા ભર્તૃહરી પોતાના વિરક્ત ભાવમાં મક્કમ રહીને રાજ-વૈભવનો ત્યાગ કરી, કફની પહેરીને એકાકી તપ કરવા અરણ્યમાં ચાલ્યા ગયા.

ત્યાર પછી પ્રધાનમંડળે તથા પ્રજાજનોએ મળીને વિચારણા કરીને રાજ્યના નિકટ સંબંધીઓમાંથી કોઈને ગાદીએ બેસાડ-વાનો નિશ્ચય કર્યો, પરન્તુ રાજગાદીને થોડો વખત રાજા વગરની શૂન્ય જોઈ અગ્નિવેતાળ નામનો અસુર તેના ઉપર પરોક્ષ રીતે અધિષ્ઠિત થઈ ગયો. મન્ત્રી વર્ગે શ્રીપતિ નામના બહાદુર પુરૂષને વિધિપૂર્વક ગાદીનશીન કર્યો, પણ રાત્રીના સમયે અગ્નિવેતાળ અસુરે તેને મારી નાખ્યો. અને આ રીતે જે કોઈને રાજગાદી ઉપર બેસાડવામાં આવતા તે દરેકને તે અધમ અસુર રાત્રીમાં મારી નાખતો. પ્રધાન વર્ગ તથા પ્રજાએ મળીને શાન્ત માટે વિવિધ પ્રકારનાં ક્રિયા અનુષ્ઠાનો કર્યાં, પણ 'જલ તાડનવત્' બધાં નિષ્ફલ નિવડ્યાં.

વાચક બન્ધુઓ ! હવે ઘડીભર અવધૂત (વિક્રમ) તરફ ડોકીયું કરી આગળ વધીએ. અવધૂત વેષમાં રહેલ વિક્રમે રાજવૈભવ અને પ્યારૂં વતન છોડીને, ગામ પરગામ અને ભયંકર અરણ્યોમાં ફરતાં ફરતાં કેટલોક સમય પસાર કર્યો.

## ૩. ભટ્ટમાત્રનો મેલાપ—

એકદા એક ગામમાં પ્રવેશતાંજ અવધૂતે સામે વિશાળ ઓટલા

ઉપર કેટલાએક મનુષ્યો સમૂહ રૂપમાં મલીને બેઠા હતા, તેઓની વચમાં એક ભટ્ટમાત્ર નામનો બુદ્ધિમાન માણસ આસન લગાવી બેઠો હતો, તેને જનતાથી પૂછાયેલા પ્રશ્નોના પ્રત્યુત્તર આપી હસતાં હસતાં સર્વેનાં મન રંજન કરતાં જોયો. જનતાના મનનું સમાધાન કરતો જોઈ, અવધૂત વિચાર કરવા લાગ્યો કે "અહા! શું આ કોઈ દીવ્ય જ્ઞાની પુરૂષ છે કે શું?" એટલામાં તો ભટ્ટમાત્રની દૃષ્ટિ પણ જરા દૂર ઉભા રહેલા અવધૂત ઉપર પડી. દૃષ્ટિ પડતાંજ સ્વાભાવિક રીતે તેમના ઉપર પ્રીત ઉત્પન્ન થઈ, આ ઉપર એક કહેવત છે કેઃ—

'ચાર મલી ચોસઠ હસ્યા, વીશે મલી કર જોડ;
સજ્જનને સજ્જન મલ્યા, ઉલસ્યા સાતે ક્રોડ.[૧]

ભટ્ટમાત્ર મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ કોઈ ભવ્ય આકૃતિવાન અવધૂત નથી. પણ જરૂર કોઇ રાજકુમાર લાગે છે, હા! નીતિકારે કહ્યું છે કે 'આકૃતિ ર્ગુણાન્ કથયતિ' એ કહેવત મુજબ મને તો આકૃતિથી જણાય છે કે આ કોઇ ભૂપતિજ છે, અને ભવિષ્યમાં આનાથી મને જરૂર લાભ થશે." આવા અનેક વિચારો કરતો, ભટ્ટમાત્ર પોતાનું કામકાજ તુરત પતાવી, અવધૂત પાસે ગયો અને તેને મલ્યો, તેમજ તેની સાથે યોગ્ય વાતચીત

---

[૧] તાત્પર્ય—બે મનુષ્યોની ચાર આંખ મલવાથી બન્નેની દન્ત-પંક્તિ–દાન્તની બત્રીશી સહજ વિકસિત થાય છે; વિવેક માટે ઉત્તમ પુરૂષો પરસ્પર હાથ જોડે છે. અને એક બીજાનો સમાગમ થવાથી બન્નેને આનંદ થાય છે. આનંદ થવાથી બન્ને પુરૂષોના સાડાત્રણ સાડાત્રણ ક્રોડ મલી સાત ક્રોડ રોમરાય હર્ષાયમાન થાય છે; તેમાં પૂર્વ જન્મ પણ સહજ કારણ મણાય છે.

કરી મનમાં વિચારે છે કે મને આ અવધૂતથી ઘણો લાભ થશે, તેથી તેને પોતાના નિવાસસ્થાને લઈ ગયો અને તેનો યોગ્ય



આદર સત્કાર કર્યો. અવધૂતે ત્યાંજ રાત્રી નિર્ગમન કરી. પ્રાતઃકાળે ઉઠી દ્રવ્યનો અર્થી ભટ્ટમાત્ર પણ અવધૂતની સાથે મુસાફરીમાં નીકળ્યો. અનુક્રમે ફરતાં ફરતાં બન્ને જણ રોહણાચલ પર્વતના નિકટ પ્રદેશમાં આવી પહોંચ્યા. નજીકના ગામમાં જઈને ભટ્ટમાત્રે એક મનુષ્યને પૂછ્યું કે "અલ્યા ભાઈ! આ રોહણગિરિ રત્ન આપે છે તે વાત શું સાચી છે?" તે અપરિચિત મનુષ્ય બોલ્યો. "હા! રત્ન આપે છે તે વાત ખરી, પરન્તુ મસ્તકે (લમણે) બે હાથ દઈને જે 'હા દૈવ! હા દૈવ!' એમ ઉચ્ચારે તેનેજ તે રત્ન આપે છે;" આ પ્રમાણેની યુક્તિ જાણીને ભટ્ટમાત્રને હૃદયમાં રત્ન પ્રાપ્ત કરવાની ઉત્સુકતા થઈ. અવધૂતને પણ કૌતુક જોવાની ઇચ્છા હતી, તે કારણથી બન્ને જણ રોહણાચલ તરફ ગયા. ભટ્ટમાત્રની પ્રેરણાથી અવધૂતે ખાણમાં ઉતરી કુહાડાનો ઘા કર્યો, પરન્તુ રત્ન કાંઈ પ્રાપ્ત થયું નહિ. ભટ્ટમાત્રે અવધૂત પાસે 'હા! દૈવ' એ શબ્દો બોલાવવા માટે એક યુક્તિ શોધી કાઢી. માત્ર ઉપરથી જ ગભરાઈ ગયેલાની જેમ ખાણમાં રહેલ

અવધૂતને કહ્યું કે "હે વિક્રમાદિત્ય ! અવંતીથી એક મનુષ્ય આવ્યો છે અને તે કહે છે કે તારી માતા રોગથી એકાએક મરણ પામી છે." ભટ્ટમાત્રના આ શબ્દો સાંભળીને માતૃભક્ત વિક્રમના મુખમાંથી સહસા "હા દૈવ ! હા દૈવ ! આ તેં શું કર્યું" એવા શબ્દો નીકળી પડયા, તેટલામાં જ્યાં કુહાડાનો ઘા કર્યો હતો ત્યાંથી સવા લાખની કિંમતવાળું દશે દિશામાં પ્રકાશ કરતું એક મણિરત્ન અવધૂતના પગ પાસે આવીને પડયું. રત્નને જોતાંજ ભટ્ટમાત્રે ખાણમાં આવીને તે રત્ન ઉપાડી લીધું. વિક્રમને રત્ન બતાવતાં ભટ્ટમાત્ર બોલ્યો "હે મિત્ર! શોક શા માટે ધારણ કરે છે, તારી માતાને સર્વ પ્રકારે કુશળ છે. ફક્ત તારી પાસેથી 'હા દૈવ ! હા દૈવ !' શબ્દો બોલાવવા માટેજ મેં આ એક યુક્તિ રચી હતી એમ માની લે." ભટ્ટમાત્રના મુખથી પોતાની માતાના કુશળ સમાચાર જાણી અવધૂત હર્ષાયમાન થયો. કહ્યું છે કે—

'आदि गुणेषु विनयः सर्वशास्त्रेषु मातृका ।
सृष्टौ जलं दया धर्मे तीर्थेषु जननी मता ॥'

"સર્વ ગુણોમાં વિનય શ્રેષ્ઠ છે, સર્વ શાસ્ત્રોમાં માતૃકાપદ તેમજ પૃથ્વીમાં ઉત્તમ પાણી છે, સર્વે ધર્મોમાં દયા પ્રધાન છે અને સર્વ તીર્થોમાં માતા શ્રેષ્ઠ તીર્થભૂત છે"


એ પ્રમાણે વિચારી મેળવેલ બહુ મૂલ્ય રત્નને પાછું ખાણમાં ફેંકી દેતાં અવધૂત બોલ્યો—

"धिग् रोहणगिरिं दीनदारिद्र्यव्रणरोहणम् ।
दत्ते हा दैवमित्युक्ते रत्नान्यर्थिजनाय यः' ॥५॥

"દીનના દરિદ્રતા રૂપ ઘા (જખમ)નો નાશ કરનાર રોહણગિરિને ધિક્કાર થાઓ, કારણ કે હા દૈવ એવાં દીન વચનો બોલવી જે અર્થિજનને રત્ન આપે છે."

આ પ્રમાણે મહામૂલ્ય રત્નને ફેંકી દઈને બન્ને જણ ઘણી

પૃથ્વી ભ્રમણ કરી અનેક નવિન કોતુકો નિહાળતાં અનુક્રમે ફરતાં ફરતાં ગુજરાતમાં તાપી નદીના કિનારે આવ્યા. રાત્રીના સમયે એક વખતે શીયાળનો શબ્દ સાંભળીને ભટ્ટમાત્રે અવધૂતને કહ્યું કે "અરે મિત્ર! આ શીયાળ કહે છે કે 'નદી તીરે અલંકારોથી શણગારેલ એક સ્ત્રીનું શબ પડયું છે." ભટ્ટમાત્રના શબ્દોની પ્રમાણિકતા જોવા સારૂં શીયાળના શબ્દ અનુસાર ત્યાં જઈને




અવધૂત તથા ભટ્ટમાત્રે તપાસ કરી તો કહ્યા પ્રમાણે અલંકાર યુક્ત શબ જોઈ અવધૂત આશ્ચર્ય ચકિત થયો અને કહ્યું કે "મિત્ર! તારૂં વચન સત્ય છે. એના આભુષણોમાંથી એક પણ અલંકાર હું લેવા ઈચ્છતો નથી. જો તારે લેવાની ઈચ્છા હોય તો સુખેથી ગ્રહણ કર." ત્યારે ભટ્ટમાત્રે કહ્યું કે "હે મિત્ર! આ ચંડાલને યોગ્ય કાર્ય કરીને હું પણ અલંકાર લેવા ઇચ્છતો નથી." કેટલોક સમય ગયા પછી ફરી વાર શીયાળના શબ્દો સાંભળીને ભટ્ટમાત્રે કહ્યું કે "હે મિત્ર! તને અવંતીનું રાજ્ય એક મહિનામાં

મલશે.” એમ આ શીયાળ કહે છે ત્યારે અવધૂત બોલ્યો કે “એ કેવી રીતે સાચું થઈ શકે ? કારણ કે વડીલ ભ્રાતા ભર્તૃહરી ન્યાયપૂર્વક રાજ્યધૂરા વહન કરે છે.” ત્યારે ભટ્ટમાત્રે કહ્યું કે “અરે મિત્ર! આ વાત નિઃશંકપણે ચોક્કસ હૃદયમાં ધારી રાખ, સમય આવ્યે સત્ય વાત તરી આવશે.”

ભટ્ટમાત્રના નિશ્ચયાત્મક શબ્દો હૃદયપટ પર કોતરી રાખી અવધૂતે માલવાની રાજધાની તરફ જવાનો નિરધાર કર્યો. વાત-ચિત કરતાં બન્ને જણે એક ગામમાં જઈને રાત્રી નિર્ગમન કરી. અવધૂતે કહ્યું કે “હે મિત્ર! તારા જેવા વિદ્વાન મિત્ર પરમ ભાગ્યે જ કોઈકને પ્રાપ્ત થાય છે. તેં મને મુસાફરીમાં અનેક પ્રકારે સહાય કરી છે, તે માટે જો તારૂં કથન સત્ય થશે તો જરૂર હું તને તેનો બદલો વાળી આપીશ.”

ભટ્ટમાત્રે કહ્યું ‘મિત્ર! રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થયે જાહો-જલાલીમાં મારા જેવા લંગોટીયા મિત્ર ભાગ્યેજ યાદ આવે.’

ના ! ના ! એવું કોઈ દિવસ ન માની લેતો. કહ્યું છે, કે—

“દળ ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર;
ઉત્તમ બોલ્યા નવ ફરે, પશ્ચિમ ઉગે સૂર.”

રાજ્ય પ્રાપ્ત થયે હું તમને મહામન્ત્રી બનાવીશ. એમ પરસ્પર વાર્તાવિનોદ કરતા બન્ને જણે અવંતી નજીકના એક નગરમાં જઈ ધર્મશાળામાં મુકામ કર્યો. કોઈ નવા પરદેશી સંન્યાસી ગામમાં આવેલા સાંભળીને કેટલાક ભક્તજનો દર્શનાર્થે આવવા લાગ્યા. ત્યાં અવંતીપતિ ભર્તૃહરી રાજ્ય છોડીને અરણ્યમાં ચાલ્યા ગયા છે અને હાલમાં રાજ્યગાદી રાજા વગરની ખાલી પડી છે, તથા અધમ અસુરના ઉપદ્રવો સંબંધી અનેક વાતો લોકોનાં મુખે સાંભળી બન્ને જણ નિદ્રાધિન થયા. પ્રાતઃકાળના નિત્ય કાર્યથી પરવારી બન્ને જણ દન્તધાવન કરવા બેઠા, તેટલામાં અવધૂત ભટ્ટમાત્ર પ્રત્યે બોલ્યો “હે મિત્ર ! હવે અવંતી તરફ જઈ મારૂં ભાગ્ય અજમાવી જોઉં ?” “મહારાજ! સુખેથી

પધારો, આપ શૂરવીર ને ભાગ્યશાલી છો. અવંતીપતિ થઈને રાજમુગટ શોભાવો." અવધૂત બોલ્યો "મિત્ર ! તારૂં વચન સત્ય થાઓ, પરન્તુ એક વચન આપ કે મને જ્યારે રાજ્ય પ્રાપ્ત થયાનું સાંભળે ત્યારે તારે આવીને મને જરૂર મળવું."


બન્ને મિત્રોએ ફરી વાર મળવાનો સંકેત કર્યો. પરસ્પર એક બીજાના વિશિષ્ટ ગુણોને સંભારતા ભટ્ટમાત્રે પોતાના વતન તરફ અને અવધૂતે અવંતી તરફ પ્રયાણ કર્યું.

અરે રે ! આ અધમ અગ્નિવૈતાળના ઉપદ્રવથી તો અવંતીની આખીયે પ્રજા ત્રાહી ત્રાહી પોકારી રહી છે. સૂર્ય ઉગે અને ગામમાં સમાચાર ફરી વળે કે નવા નૃપતિ પરલોક પ્રયાણ કરી ગયા છે.

પ્રજાએ અને પ્રધાનવર્ગે મળી એનો પ્રતિકાર શોધવા માટે ઓછા પ્રયત્નો નથી કર્યા, છતાં હજી સુધી કોઈ પણ ઈલાજ હાથ લાગ્યો નથી. વાહ ! શું આ કુદરતની કરામત છે ? જ્યારે મહાપ્રતાપી ભર્તૃહરીની આજ્ઞા પ્રવર્તી રહી હતી ત્યારની અવન્તીની જાહોજલાલી કયાં ? અને હવે આજે તેની નધણિયાતી દશા કયાં ? આ પ્રકારની શોચનીય સ્થીતિ જોઈને અવંતીની સમગ્ર પ્રજા શોકસાગરમા ડૂબી ગઈ છે.

### ૪. અવન્તીમાં અવધૂતનું આગમન—

એકદા પ્રાતઃકાળે સૂર્ય પોતાના સોનેરી કિરણો પૃથ્વીતલ



પર પાથરવાની તૈયારી કરી રહ્યો છે, તે સમયે ક્ષિપ્રા નદીમાંથી પાણી ભરીને આવતી પાંચ સાત કુળવધૂઓએ ક્ષિપ્રા નદીના તટ ઉપર એક વિશાળ વડવૃક્ષ નીચે આસન લગાવી બેઠેલા અવધૂત-સંન્યા-

સીને જોયો, તે જોઈને એક પાણીહારી સખીને ઉદ્દેશીને બોલી કે "અલી આ તરફ આ અવધૂતને જોતો ખરી! અહો! સંસારનો ત્યાગ કરીને શું જોઈ તે સંન્યાસી બાવો થયો હશે?" એટલામાં તો ત્રીજી સખી બોલી ઉઠી કે "અહા! હજી તો આની ખીલતી યુવાની છે. શું એને મા બાપ નહી હોય? આહ! સંસારના કયા દુઃખે દુઃખી થઇને તેણે આ અવધૂતનો વેશ લીધો હશે? અહો! શું એનુ સુંદર ભવ્ય રૂપ, જરૂર આ કોઈ ભાગ્યશાળી ઉત્તમ નરરત્ન લાગે છે." આવા અનેક વિચારો ભોળી સ્ત્રીઓના હૃદયનાં ઉત્પન્ન થતા અને શમી જતા. જેમ જેમ લોકોને આ અવધૂતની જાણ થતી ગઈ તેમ તેમ નગરીમાંથી લોકોનાં ટોળે ટોળાં મળીને તેમના દર્શન માટે આવવા લાગ્યા.

આજે આખીયે અવન્તીમાં અવધૂતનું લાવણ્યયુક્ત વદન જોઇને લોકો પોતપોતાને મન ફાવતું બોલી રહ્યા છે. "આહ! આ અવધૂતનું મનોહર વિશાળ કપાળ કેવું શોભી રહ્યું છે. શું એની વિશાળ સુંદર આંખો! શું દીર્ઘ વક્ષસ્થળ! શું હાથીની સૂંઢ જેવા જાનુ સુધીના લાંબા હાથ! અથવા તો શું આ કોઇ દિવ્ય શક્તિનો ઉપાસક સિદ્ધપુરૂષ છે?" ક્રમે કરી અવધૂતની ખ્યાતિથી ખેંચાઇને રાજ્યનો મુખ્ય મંત્રીશ્વર વિગેરે પણ અધમ અસુરના ઉપદ્રવની શાન્તિનો ઉપાય મેળવવાની આશાએ અવધૂત પાસે આવવા લાગ્યા.

એક વખત અવસર પામીને અવધૂતે મન્ત્રીશ્વરને પૂછ્યું કે "હે મહાભાગ મન્ત્રીશ્વર! તમારા વદન ઉપર હંમેશાં ગ્લાનિ કેમ જણાય છે?" અવધૂતના કરેલા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્વરે આદિથી અન્ત સુધીની સર્વ હકીકત કહી સંભળાવી અને સાથોસાથ વધુમાં કહ્યું કે "આપ કોઈ અપૂર્વ ઉપાય બતાવીને અગર તો મંત્ર, તંત્રથી અગ્નિવેતાળના ઉપદ્રવથી આ નિરાધાર અવંતીનું રક્ષણ

કરીને અવંતીની સમગ્ર પ્રજા ઉપર ઉપકાર કરો એવી અમારી નમ્ર પ્રાર્થના છે. વળી કહ્યું છે, કે–'साधवः परसंपत्तौ, खलाः परविपत्तिषु।' એટલે કે સજ્જન પુરૂષો બીજાઓને સુખી દેખી રાજી થાય છે, અને દુર્જન મનુષ્યો બીજાને દુઃખી દેખીને રાજી થાય છે."

અવધૂતે મંત્રીશ્વરનાં વચનો સાંભળી સાથે ભટ્ટમાત્રે કહેલ નિશ્ચયાત્મક શબ્દો અને શિયાળે કરેલી ભવિષ્યવાણી સંભારી મનમાં નિશ્ચય કરી જવાબ આપ્યો કે "જો આ રાજ્ય મને આપો તો હું દુષ્ટ અગ્નિવેતાળ રાક્ષસને શામ, દામ, દંડ અગર ભેદ એ નીતિના ચારે પ્રકારમાંથી કોઈ પણ પ્રકારે વશ કરી અથવા તો નાશ કરીને ન્યાય નીતિપૂર્વક પ્રજાનું રક્ષણ કરૂં." નીતિકારે કહ્યું છે કેઃ—

"૧ દુષ્ટ મનુષ્યોને શિક્ષા. ૨ સ્વજનોની પૂજા, ૩ ન્યાયપૂર્વક હંમેશાં રાજભંડારની વૃદ્ધિ, ૪ પક્ષપાત રહિત એટલે કે સર્વ પ્રજાજન પ્રત્યે સમભાવ પૂર્વકનું વર્તન ૫ શત્રુઓ વિગેરેથી રાજ્યનૂં રક્ષણ કરવું, એ પાંચ પ્રકારના ધર્મો રાજાઓ માટે મુખ્ય કહેલા છે."፨ અવધૂતની અપૂર્વ નિશ્ચય પૂર્વકની વાણી સાંભળી મહામન્ત્રી–અમાત્ય આશ્ચર્યચકિત થયો અને મનમાં અતિ આનંદ પામ્યો. સામાન્ય કહેવત મુજબ 'ભાવતું હતું અને વૈદે બતાવ્યું' એ વાતનો સ્વીકાર કરી અવધૂત સાથે કાંઈક અગત્યની વિચારણા કરી સવારમાં મળવાનો સંકેત કરી અમાત્ય ગામ ભણી ચાલ્યો ગયો.

આજે અમાત્યનું મુખ હર્ષથી કાંઇક વિકસિત થયેલ લાગતું હતું, આંખોમાં પણ અનેરૂં તેજ ઝળકતું હતું. તે મનમાં

፨ दुष्टस्य दंडः स्वजनस्य पूजा, न्यायेन कोशस्य सदैव वृद्धिः।
अपक्षपातो रिपुराष्ट्ररक्षा, पञ्चैव धर्माः कथिता नृपाणाम्॥ ६ ॥

રાજી રાજી થતો, ભવિષ્યના વિચારો કરતો અને અવધૂતની મહાન સાહસિકતા વિગેરે સંભારતો, અવંતીના ચૌટા અને ચોકને વટાવી રાજ્યમહેલમાં આવ્યો. પછી સર્વ રાજ્ય અધિકારીઓને નિમંત્રી ભેગા કરી, સર્વ સમક્ષ આવતી કાલે પ્રાતઃકાળમાં નગર શણગારવાની તેમજ બીજી પણ અનેક તૈયારીઓ કરવાની સૂચના આપીને અમાત્ય પોતાના નિવાસસ્થાને ગયો.

## ૫. અવધૂતને ઉજ્જયનીની રાજ્યપ્રાપ્તિ—

પ્રાતઃકાળથી જ આજે ઉજ્જયની—અવંતી નગરીમાં કોઈ અનેરી જાગૃતિ આવી છે. ચોતરફ પ્રજાજનો તેમજ અધિકારી વર્ગ પોતપોતાના કાર્યોને પતાવીને દરબારગઢ તરફ જઈ રહ્યા છે. દરબારગઢ તો આજે કોઇ જુદી જ રીતે ધ્વજા પતાકા અને તોરણોથી શણગારાયેલો છે. સર્વત્ર રાજમાર્ગ પણ યોગ્ય રીતે



વિભૂષિત કરાયેલો છે. આમ અવંતી નગરીમાં ચારે કોર આનંદનું વાતાવરણ જામ્યું છે. ત્યાં તો અવધૂત—રાજવીની સ્વારી ક્ષિપ્રા નદીથી નીકળીને અવંતીના મુખ્ય મુખ્ય ચૌટાં ને ચોક વટાવતી, પ્રજાજનોના ભાવભીના નમસ્કાર ઝીલતી, દીન દુઃખીઓ તથા અર્થી જનોને દાન આપતી રાજ્ય મહેલ પાસે આવી પહોંચી. યોગ્ય મંગળ સૂચક વિધિ કર્યા પછી રાજકચેરીમાં અવધૂત-રાજવીને પ્રવેશ કરાવી શુભ મુહૂર્તે વિધિ અનુષ્ઠાન પૂર્વક રાજ્ય-

સિંહાસને બેસાડી તે અવંતીપતિ તરીકે જાહેર કરાયો. પ્રજાએ પણ આનંદ ઉત્સવપૂર્વક અનેરી મોજ ભોગવી આખોય દિવસ પસાર કર્યો. અવધૂત રાજવીના કહેવા પ્રમાણે મન્ત્રીઓએ રાજ-માર્ગ ઉપર સેવકો ગોઠવી, તેમજ અગ્નિવેતાળના આવવાના માર્ગે, રાજ્યમહેલમાં અને રાજવીના સુવાના શયનગૃહ વગેરે સ્થાનકોએ યોગ્ય ગોઠવણ કરી, આખાયે રાજમહેલમાં મેવા મીઠાઈઓના વિશાળ મોટા મોટા થાળો તથા મસાલેદાર કેશરી દૂધના ભરેલા કટોરાઓ અને ઉત્તમ પ્રકારના ખુશબોદાર ફુલો પાથરીને સર્વત્ર રાજમહેલને દીપકોની શ્રેણીથી સુશોભિત કર્યો. પછી રાજવી–અવધૂતને પોતાના ભાગ્ય ઉપર મૂકીને મન્ત્રીવર્ગ વિગેરે સર્વ પોત પોતાને સ્થાને ચાલ્યા ગયા. રાજવી પણ આજુબાજુના સૈનિકોને સાવધાનપણે રહેવાની આજ્ઞા ફરમાવીને તલવારને સાથે રાખી શયનગૃહમાં પલંગ ઉપર સાવધાનપણે જાગૃત અવસ્થામાં સુઈ રહ્યો. બરોબર મધ્યરાત્રીના સમયે એકાએક ભયંકર ગર્જના કરી અગ્નિવેતાળ અવંતીની પ્રજાને ત્રાસિત કરતો ભયંકર રૌદ્ર રૂપ ધારણ કરી રાજ્યમહેલમાં આવીને નૂતન રાજવીને મારવા સીધો શયનગૃહમાં આવવા લાગ્યો, ત્યાં તો ભૂપતિ નિર્ભય થઈ બોલ્યો "અરે ! અધમ રાક્ષસ ! સબૂર !" ભૂપતિના નિર્ભયતાસૂચક શબ્દો સાંભળી અગ્નિવેતાળ અસુર પણ જરા ચકિત થઈ બોલ્યો "અરે માનવી ! શું તને મારો જરા પણ ભય નથી લાગતો ?" એ સાંભળીને ભૂપતિ બોલ્યો "હે રાક્ષસ ! અત્યારે બીજું કોઇ નહી પણ હું આ શયનગૃહમાં છું, તું પહેલાં તારા માટે તૈયાર રાખેલ આ બલિને ગ્રહણ કરી તૃપ્ત થા. પછી જો તારી ઈચ્છા હોય તો મારી સાથે વિગ્રહ–યુદ્ધ કરવા તૈયાર થા !"

મનોહર સ્વાદિષ્ટ મેવા મીઠાઈઓના થાળો અને મસાલેદાર દૂધના કટોરાઓ ક્ષણ વારમાં આરોગી અગ્નિવેતાળ શાન્ત થયો. રાજવીના વીરતાભર્યા શબ્દો સાંભળીને તે વિચારવા લાગ્યો કે

'આ કોઈ મહાપરાક્રમી અને સત્ત્વશાલી ધીર પુરૂષ લાગે છે.' નવા રાજવીની શૂરવીરતા નિહાળીને અગ્નિવેતાળ બોલ્યો "હે વીર ! तुष्टोऽहं–હું તારા ઉપર પ્રસન્ન થયો છું એટલે તું આ અવંતીનું સામ્રાજ્ય સુખે ભોગવ અને નીતિ માર્ગથી પ્રજાનું પાલન કર. આ પ્રકારે હંમેશાં મારા માટે બલિની ગોઠવણ કરી રાખજે." રાક્ષસને પ્રસન્ન થયેલો જોઈ ભૂપતિએ હાલ તો "ૐ" એમ કહીને ટૂંકામાં જ પતાવ્યું. સમય બહુ થઈ જતાં રાક્ષસ અદૃશ્ય થયો. બાદ રાજા પણ નિદ્રાધીન થયો પ્રભાત કાળે મન્ત્રીઓ તથા પ્રજાજનો રાત્રી સંબંધી સર્વ વૃત્તાન્ત જાણવા આતુરતાથી રાજસભામાં આવી અવધૂત રાજવીની રાહ જોતા બેઠા હતા. તેટલામાં રાજવી પ્રાતઃકાર્યથી નિવૃત્ત થઇ રાજસભામાં પધાર્યા; મન્ત્રીઓ તથા પ્રજાજનોના નમસ્કાર ઝીલતાં રાજસિંહાસન ઉપર બીરાજમાન થયા. મહાઅમાત્યના પૂછવાથી મહારાજાએ રાત્રીનો બનેલ સવ વૃત્તાન્ત કહી બતાવ્યો. મન્ત્રી વર્ગ અને સમગ્ર પ્રજાજનોએ ભૂપતિનો પુનર્જન્મ માની આજનો આખોય દીવસ મહોત્સવ પૂર્વક પસાર કર્યો. ભૂપતિ પણ બે ત્રણ દીવસ સુધી રાક્ષસ માટે અનેક પ્રકારના મેવા મીઠાઇઓનો બલિ રાખવા લાગ્યો. રાક્ષસ પણ સ્વેચ્છાએ આવીને બલિ આરોગવા લાગ્યો.

## ૬. અવધૂતે અગ્નિવેતાલને વશ કર્યો—

એકદા રાત્રીએ અવસર જોઈને ભૂપતિએ કહ્યું કે "હે અગ્નિવેતાળ ! આપને કેટલું જ્ઞાન છે ? અને કેટલી શક્તિ છે ?" રાક્ષસ અભિમાન પૂર્વક બોલ્યો "હે ભૂપતિ ! જે ધારૂં તે કરવાને હું શક્તિમાન છું. જ્યાં જલ ત્યાં થલ અને જ્યાં થલ ત્યાં જલ કરવા હું સમર્થ છું. સર્વ વાત જાણવાની તથા સર્વત્ર જવાની શક્તિ પણ મારામાં છે." આ સાંભળી રાજવીએ કહ્યું "ત્યારે તો તમે કહો કે મારૂં આયુષ્ય કેટલા વર્ષનું છે ?"

અગ્નિવેતાળે વિચારી તરત જ રાજાને કહ્યું કે "તમારૂં આયુષ્ય એક સો વર્ષનું છે." ભૂપતિ બોલ્યા કે "અહા ! શું કહો છો ? મારાં આયુષ્યમાં એક સાથે બે મીંડાં પડયાં છે, તે કોઈ રીતે શોભાને પામતા નથી, કારણકે કહ્યું છે કે—

'शून्यं गृहं वनं शून्यं, शून्यं चैत्यं महत्पुनः ।
नृपशून्यं बलं नैव, भाति शून्यमिव स्फुटम् ॥७॥'

"શૂન્ય ઘર, શૂન્ય વન, મૂર્તિ વગરનું મોટું મન્દિર અને રાજા વગરનું લશ્કર શોભાને પામતું નથી. માટે હે અગ્નિવેતાળ ! મારા આયુષ્યમાંથી એક શૂન્ય–મીંડાને ખસેડી તેને સ્થાને પાંચ અગર એક મૂકીને બે શૂન્યના દોષને દૂર કરો."

રાક્ષસ બોલ્યો "હે અવંતીપતિ ! ત્રણે લોકમાં કોઈ પણ દેવ કે દાનવ અથવા સાક્ષાત્ ઈન્દ્ર પણ તારા આયુષ્યમાં ઘટાડો કે વધારો કરવા શક્તિમાન નથી." વિગેરે વાર્તાલાપ વિનોદપૂર્વક કરી અગ્નિવેતાળ સ્વસ્થાને ગયો. બીજા દીવસની રાત્રીએ ભૂપતિ બલિ વિગેરે કાંઈ પણ કર્યા વગર નિરાન્તે નીદ્રાધીન થયો. હંમેશના નિયમાનુસાર રાજમહેલમાં આવેલા અગ્નિવેતાળે બલિની કાંઈ પણ સામગ્રી ન જોઈ અને રાજાને પણ નિશ્ચિંતપણે નીદ્રાધીન જોયો. આથી ક્રોધથી ધમધમતો અગ્નિવેતાળ બોલ્યો "અરે ! દુષ્ટ ભૂપતિ ! તું મને બલિ આપ્યા વગર કેમ સુઈ ગયો છે ? તું જાગ્રત થા ! નહિતર તને તરવારથી મારી નાખીશ." અગ્નિવેતાળના આવા શબ્દો સાંભળી ભૂપતિ એકદમ જાગ્રત થયો, અને લાલ આંખો કરીને, ભયંકર રૌદ્ર રૂપ ધારી રાક્ષસની સામે પોતાની મ્યાનમાંથી યમરાજની જિહ્વા જેવી તરવારને ખેંચી બોલ્યો કે "રે રે અધમ ! દુષ્ટ ! જો મારૂં આયુષ્ય કોઈનાથી પણ તૂટી શકે તેમ નથી તો પછી હું તને હંમેશાં ફોગટ–વૃથા બલિ શા માટે આપું ? જો તારામાં શક્તિ હોય તો તું મારી સાથે


યુદ્ધ કરવા તૈયાર થઈ જા. કારણ કે ઘણા વખતથી આ મારી તરવાર ભૂખી છે. અગર જો તારામાં શક્તિ ન હોય તો મિથ્યા-



ભિમાનનો ત્યાગ કરી સેવકની જેમ સેવા કરવા તૈયાર થઈ જા!" અવંતીપતિના શબ્દને આધિન થઈ અગ્નિવેતાળ પ્રસન્નતાપૂર્વક બોલ્યો કે "હે નરોત્તમ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તેથી તું મારી પાસે ઇચ્છિત વરદાન માગ" ભૂપતિ બોલ્યો કે "હે દેવ! તું જો મારા ઉપર ખરેખર પ્રસન્ન થયો હોય તો જ્યારે જ્યારે હું સંભારૂં ત્યારે ત્યારે મારી પાસે પ્રત્યક્ષ આવવાનું તું કબૂલ કર, અને મારા કહેલા સર્વ કાર્યને કરવાનું વચન આપ તથા પિતાની જેમ મારા ઉપર પ્રેમવાલો થા." સંતુષ્ટ થયેલ અગ્નિવેતાળે કહ્યું કે "હે સાહસિક નરરત્ન! નિઃશંકપણે આ રાજ્યધૂરાને વહન કરો, હું પણ સર્વ પ્રકારે તમને સહાય કરીશ." એમ કહીને તે રાક્ષસ અદૃશ્ય થયો. રાજાએ પણ સુખપૂર્વક સાવધાનપણે રાત્રી પસાર કરી. પ્રાતઃકાળે રાજાએ મંત્રીઓ સમક્ષ સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો. નવા અવંતીપતિનું અલૌકિક સામર્થ્ય જોઇને મન્ત્રીઓ વિગેરે પણ ચકિત થયા અને રાજાના અજબ ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા.

### ૭. ભટ્ટમાત્રનું રાજસભામાં આગમન—

એક વખત અવંતીપતિ રાજસભામાં બેઠા હતા, ત્યારે પ્રજાએ મળી વિનંતિ કરી કે "હે મહારાજા! હવે આપ આ



અવધૂતનો વેશ ત્યાગીને અવંતીપતિના યોગ્ય અલંકારોથી વિભૂષિત થાઓ. આવી રીતની પ્રજાની વિનંતિથી વેશ બદલો કરી તે રાજ્ય સિંહાસને આરૂઢ થયા, તેટલામાં દ્વારપાલની રજા મેળવી ભટ્ટમાત્ર અંદર આવી ભૂપતિને નમસ્કાર કરવા લાગ્યો. અચાનક ભટ્ટમાત્રને આવેલ જોઇ રાજા ખુશી થયા. પછી બંન્નેએ પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા. ભટ્ટમાત્ર બોલ્યો કે "હે મહારાજા વિક્રમાદિત્ય! તમારા ગુણોને સંભારતો હું આજે આપને મળવા આવ્યો છું." ભટ્ટમાત્રના મુખેથી એકાએક વિક્રમાદિત્યનું નામ સાંભળી મન્ત્રીએ આદિ પ્રજાજન આશ્ચર્ય ચકિત થયા. પછી ભટ્ટમાત્રે વિક્રમાદિત્ય

જ્યારથી અવંતીથી અવધૂતનો વેશ ધારણ કરી ગયેલા ત્યારથી પાછા આવ્યા ત્યાં સુધીનો પુરેપુરો સર્વ વૃતાન્ત મન્ત્રીઓ અને રાજસભા સમક્ષ કહી બતાવ્યો. મંત્રીઓ આદિ સભાજન પણ વિક્રમાદિત્યને ઓળખીને અત્યંત હર્ષિત થયા.

જ્યારે રાજમાતા શ્રીમતીએ પોતાના ગુમ થયેલ પુત્રની વાત સાંભળી ત્યારે તે પુત્ર વાત્સલ્યથી હર્ષઘેલી થઈ, તેટલામાં તો માતૃભક્ત મહારાજા વિક્રમાદિત્ય પણ તરત આવીને માતાના ચરણકમલમાં નમ્યા, કારણ કે કહ્યું છે કે:—

"उपाध्यायाद्दशाचार्य, आचार्याणां शतं पिता ।
सहस्रं तु पितुर्माता, गौरवेणातिरिच्यते" ॥८॥

"ઉપાધ્યાયથી દશ ગણા આચાર્ય શ્રેષ્ઠ છે. આચાર્યોથી- સો ગણા પિતા ઉત્તમ ગણાય છે. અને પિતાથી હજાર ગણી માતાને ઉત્તમ ગણી છે." ઉપરના નીતિકારના કથનાનુસાર મહારાજા વિક્રમાદિત્ય હંમેશાં માતાને નમ્યા પછીજ રાજકાર્યમાં જોડાતો. હવે રાજા પોતાના ચિરપરિચિત બુદ્ધિનિધાન ભટ્ટમાત્રને પૂર્વ વચનાનુસાર અમાત્ય પદ ઉપર સ્થાપીને ન્યાય માર્ગથી પ્રજાનું પુત્રની જેમ પાલન કરવા લાગ્યો. મહારાજા વિક્રમાદિત્યના પુણ્યથી આકર્ષાઈને અનેક નાના મોટા રાજાઓ તથા સામંતો, મહારાજા વિક્રમાદિત્યને નમી ભેટ ધરી આજ્ઞા કબુલ કરવા લાગ્યા. જે જે નૃપતિ અને સામંતો આજ્ઞાનો અસ્વીકાર કરતા તેઓને સામ, દામ, ભેદ અને દંડ એ ચારે પ્રકારની નીતિથી વશ કરીને વિક્રમાદિત્યે રાજ્યનો ઘણો વિસ્તાર કર્યો. અનેક આશ્ચર્યકારક ઘટનાઓથી પરિપૂર્ણ સ્થલો જાણવાને આતુર અને સ્ત્રી ચરિત્ર જોવા જાણવાનો શોખીન મહારાજા વિક્રમાદિત્ય પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરવા લાગ્યો, અને દુર્જનોને શિક્ષા કરી સજ્જનોનું રક્ષણ કરવા લાગ્યો.

પરોપકારી મહારાજાએ પ્રજા—ઉપયોગી અનેક સુંદર કાર્યો

કર્યાં તેથી તેમની કીર્તિ રૂપ સુગંધ દશે દિશાઓમાં ફેલાઈ ગઈ. તેમજ પ્રબલ પુણ્યોદયથી તેમને સુવર્ણ પુરૂષ પણ પ્રાપ્ત થયો. આ મહારાજા વિક્રમાદિત્ય વિદ્યાના અપૂર્વ શોખીન હોવાથી હંમેશાં નવા નવા બનાવેલા પદલાલિત્ય અને અર્થ ગૌરવવાળાં કાવ્યો સાંભળીને, જેની જેવી વિદ્વત્તા હોય તે પ્રમાણે તેમને યોગ્ય દાન આપતા. આવી રીતે તેમણે અનેક પંડિતોનાં અને દરિદ્રી માણસોનાં દારિદ્રય દૂર કર્યાં.

## ૮. અવંતીપતિ અને સૂરીશ્વરજીનો મેલાપ—

એક દિવસે તે કાલના પ્રસિદ્ધ અને પ્રખર વિદ્વાન જૈનાચાર્ય શ્રીવૃદ્ધવાદિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન 'સર્વજ્ઞપુત્ર' બિરૂદધારક પૂજ્ય શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજ સાહેબ કે જેઓ જૈનશાસનની પ્રભાવના કરતા અને ભવ્ય જીવોને બોધ આપી ઉપકાર કરતા તેઓશ્રી ગ્રામાનુગામ વિચરતા અનુક્રમે અવંતીના બહારના ઉદ્યાનમાં પધાર્યા. અવંતીપતિ મહારાજા વિક્રમાદિત્ય ક્રીડા કરવા અર્થે બહાર ફરવા જતા. ત્યાં પૂ. આચાર્ય શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજને જોઇ તેઓશ્રીને મહાન પુરૂષ જાણીને મહારાજા વિક્રમાદિત્યે મનમાંજ નમસ્કાર કર્યો.

સૂરીશ્વરે પણ રાજાનો મનનો ભાવ જાણી તરતજ હાથ ઉંચો કરી ભૂપતિને 'ધર્મલાભ' આપ્યો. આથી મહારાજાએ સૂરીશ્વરજીને પૂછયું કે 'આપે મને ધર્મલાભ શા માટે આપ્યો ?' સૂરીશ્વરજી બોલ્યા કે 'હે અવંતીપતિ ! તમે મને મનથી વંદના કરી, તેથી મેં તમોને ધર્મલાભ આપ્યો, વૃથા ધર્મલાભ આપ્યો નથી.' વધુમાં પૂજ્યપાદ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ બોલ્યા કે "હે ભૂપાલ ! વંદના કરનારને જ ધર્મલાભ અપાય છે. તમે મને કાયાથી ભલે વંદન નથી કર્યું, પણ મનથી તો વંદના કરી છે, તેથી મેં તમોને ધર્મલાભ આપ્યો છે." સૂરીશ્વરજીનું અલૌકિક જ્ઞાન જોઈને અને મધુર વચનો સાંભળીને,

હર્ષિત થયેલા અવંતીપતિ મહારાજા વિક્રમાદિત્યે હાથી ઉપરથી નીચે ઉતરીને બહુમાનપૂર્વક ગુરૂને વંદના કરી, પછી ગુરૂને એક ક્રોડ સોના મ્હોરો આપવા હજુરીયાને હુકમ કર્યો. પણ કંચન અને કામિનીના ત્યાગી ગુરૂદેવે તે સોના મ્હોરો ગ્રહણ કરી નહી. મહારાજા વિક્રમાદિત્યે પણ સોના મ્હોરો પાછી ન



લીધી. પરંતુ પૂ. ગુરૂદેવની આજ્ઞા અનુસાર તે સર્વ સોના મ્હોરો જીર્ણોદ્ધારના કાર્યમાં વાપરી દીધી. પછી પૂજ્યપાદ શ્રીસિદ્ધસેન-

દિવાકરસૂરીશ્વરજી મહારાજ સાહેબે અન્ય સ્થળે વિહાર કર્યો. અનુક્રમે વિચરતા વિચરતા ઓંકારપુર નગરમાં પધાર્યા. પૂજ્ય ગુરૂદેવના મુખેથી શ્રી જિનેશ્વર ભગવાનના કહેલાં તત્ત્વો સાંભળી ઘણા ભવ્યજીવો મિથ્યાત્વ રૂપ ઝેરનો ત્યાગ કરી શુદ્ધ ધર્મના અનુરાગી શ્રાવકો થયા. એકદા ઓંકારપુરના મુખ્ય મુખ્ય શ્રાવકોએ ગુરૂદેવને વિનંતિ કરી કે "અહિં મિથ્યાત્વીઓનું બહુ જોર હોવાથી તેઓ ગામને યોગ્ય મોટું સુંદર દેરાસર બાંધવા દેતા નથી, તો હે પૂજ્ય ગુરૂદેવ! જો આપ મહારાજા વિક્રમાદિત્યને પ્રસન્ન કરી અમારૂં જિનાલય બાંધવા સંબંધીનું કાર્ય કરાવી આપો, તો શ્રી જૈનશાસનની પ્રભાવના થાય." ગુરૂ મહારાજે પણ કહ્યું કે "તમારા ગામને યોગ્ય જિનચૈત્ય હું મહારાજા પાસે જરૂર કરાવી આપીશ. એમ કહીને સૂરીશ્વરજીએ અવંતી નગરી તરફ વિહાર કર્યો. અનુક્રમે વિહાર કરતાં કરતાં સૂરીશ્વરજી અવંતીમાં આવ્યા. ત્યાં મહારાજા વિક્રમાદિત્યને પ્રસન્ન કરવા માટે અપૂર્વ ચાર શ્લોકોની રચના કરી. પછી રાજમહેલનાં દ્વાર પાસે આવી તેમણે દ્વારપાળને કહ્યું કે 'હું મહારાજાને મળવા આવ્યો છું.' પરંતુ દ્વારપાળે તેમને



મહારાજા પાસે જતાં રોકયા. તેથી પૂજ્ય મહારાજશ્રીએ પત્ર ઉપર એક શ્લોક લખીને મહારાજા પાસે દ્વારપાળ દ્વારા મોકલાવ્યો.

તે શ્લોક આ પ્રમાણે—

"भिक्षुर्दिदृक्षुरायातस्तिष्ठति द्वारि वारितः।

हस्तन्यस्तचतुःश्लोकः, किं वाऽऽगच्छतु गच्छतु?" ॥१॥

"એક ભિક્ષુક-સાધુ આપને મળવાની ઈચ્છાથી આવેલ છે. તે દ્વારપાળના રોકવાથી બહાર ઉભો છે. અને હાથમાં બીજા પણ ચાર શ્લોકો રાખ્યા છે, તો તે રાજસભામાં આવે કે પાછો જાય?"

દ્વારપાળે આપેલા શ્લોકનો ભાવાર્થ જાણીને પ્રસન્ન થએલા વિક્રમાદિત્યે દશ લાખ સોના મ્હોરો અને ચૌદ લેખ કરી મોકલાવ્યા. અને દ્વારપાળને કહ્યું કે ચાર શ્લોકો લઈને ઉભા રહેલા સાધુને રાજસભામાં આવવાની ઈચ્છા હોય તો ભલે આવે, અથવા જવું હોય તો જાય.

## ૯. સૂરીશ્વરજી રાજસભામાં પધાર્યા—

દ્વારપાળના કહેલા સમાચાર સાંભળીને સૂરીશ્વરજી સોના મ્હોરો લીધા સિવાય રાજસભામાં ગયા, અને પૂર્વ દિશા સન્મુખ બેઠેલા મહારાજાને જોઈને તેઓ એક સુંદર શ્લોક બોલ્યા :—

"अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिता कुतः।

मार्गणौघः समभ्येति, गुणो याति दिगन्तरम् ॥११॥"

"હે મહારાજા વિક્રમાદિત્ય! આપ આ આશ્ચર્ય કરવાવાળી અપૂર્વ ધનુર્વિદ્યા કયાંથી શીખ્યા? ધનુષ્યને ખેંચવાથી ગુણ-દોરી પોતાની તરફ આવે છે અને બાણ શત્રુ સામે દૂર જાય છે. પણ તમારી ધનુર્વિદ્યા તો તેથી જુદી રીતે એટલે કે માર્ગણૌઘ—યાચકગણ—માગણરૂપ બાણનો સમૂહ તમારી પાસે આવે છે, અને ગુણ—પણછરૂપ કીર્તિ દૂર દૂર દિશાના અન્ત ભાગ સુધી જાય છે. આ દ્વિઅર્થી શ્લોકનું તાત્પર્ય એ છે કે હે રાજન્! આપ અપૂર્વ ધનુર્વિદ્યા શીખ્યા છો કે જે વિદ્યા રૂપ દાનના પ્રભાવથી યાચક વર્ગ દૂર દૂર

દેશથી તમારી પાસે આવે છે અને ગુણ રૂપ કીર્તિને દૂર દેશોમાં ફેલાવે છે." આ અપૂર્વ ભાવાર્થવાલો શ્લોક સાંભળીને ભૂપતિ દક્ષિણ દિશામાં પોતાનું મુખ ફેરવી બેઠા; એટલે કે આનો અર્થ એ છે કે અપૂર્વ શ્લોકના ગંભીર ભાવથી ખુશી થઈ મહારાજાએ એક દિશાનું રાજ્ય સૂરીશ્વરજીને આપી દીધું. ત્યારે સૂરીશ્વરજી પણ ભૂપતિ સન્મુખ જઈને ફરી બીજો શ્લોક બોલ્યાઃ—

"सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयते बुधैः ।
नारयो लेभिरे पृष्ठं, न वक्षः परयोषितः ॥१२॥"

"હે રાજન ! હંમેશાં તમે સર્વ વસ્તુઓ આપો છો એવી તમારી સ્તુતિ વિદ્વાનો-પંડિતો કરે છે તે મિથ્યા-ખોટી છે. કારણ કે તમોએ કદી શત્રુઓને પૂંઠ બતાવી નથી, અને પરસ્ત્રીને પોતાનું વક્ષસ્થલ-હૃદય સોંપ્યું નથી. આમ હોવાથી તમારી सर्वदः સર્વ આપનાર તરીકે સ્તુતિ કરવી, તે પણ વૃથા છે." બીજો શ્લોક સાંભળીને ભૂપતિ પ્રસન્ન થઈ પશ્ચિમ દિશા તરફ મુખ ફેરવીને બેઠા. ત્યારે સૂરીશ્વરજી પણ ભૂપતિની સન્મુખ જઈ ત્રીજો શ્લોક બોલ્યાઃ—

" त्वत्कीर्तिर्जातजाड्येव, चतुरम्भोधिमज्जनात् ।
आतपाय महीनाथ ! गता मार्त्तण्डमण्डलम् ॥१३॥"

"હે મહીનાથ ! ચારે દિશામાં ફરી ફરીને થાકેલી તારી કીર્તિએ પરિશ્રમ-થાકને ઉતારવા ચારે દિશામાં રહેલા સમુદ્રમાં સ્નાન કર્યું. અને ઘણું સ્નાન કરવાથી શરદી-ઠંડી લાગી ગઈ છે, તેથી તારી કીર્તિ સૂર્ય મંડળમાં ગરમી મેળવવા ગઈ છે. તાત્પર્ય એ છે કે તારી અપૂર્વ કીર્તિ ચારે દિશામાં તેમજ ઉંચે ઠેઠ સૂર્યલોક સુધી પહોંચી છે." ભૂપતિએ ત્રીજો શ્લોક સાંભળીને ઉત્તર દિશા તરફ મુખ ફેરવ્યું, ત્યારે સૂરીશ્વરજી પણ ભૂપતિની

સન્મુખ આવી ચોથો શ્લોક બોલ્યાઃ—

"आहते तव निःस्वाने, स्फुटितं रिपुहृदयघटैः ।
गलिते तत्प्रियानेत्रे राजन् ! चित्रमिदं महत् ॥१४॥"

"હે રાજન્ ! તારી ગર્જનાથી શત્રુઓના હૃદયરૂપી ઘડાઓ ફૂટી જાય છે. પણ પાણી ત્યાંથી નીકળતું નથી, પરન્તુ તેઓની સ્ત્રીઓના નેત્રોમાંથી અશ્રુ ધારાઓ વહે છે, આ એક મોટું આશ્ચર્ય છે. તાત્પર્ય એ છે કે, માત્ર તમારી ગર્જનાથી શત્રુઓ મરી જાય છે, અને તેથી શત્રુઓની સ્ત્રીઓ રૂદન કરે છે."

ઉપર મુજબના આ અપૂર્વ ચાર શ્લોકના ગંભીર અર્થથી પ્રસન્ન થઈ મહારાજા વિક્રમાદિત્યે અનુક્રમે ચારે દિશાનું એટલે પોતાનું સર્વ રાજ્ય સૂરીશ્વરજીને આપવાનો નિશ્ચય કર્યો. ત્યાં વળી સૂરીશ્વરજી શિઘ્ર પાંચમો શ્લોક બનાવીને બોલ્યાઃ—

"सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मीः करसरोरुहे ।
कीर्तिः किं कुपिता राजन् ! येन देशान्तरं गता ॥"

"હે રાજન્ ! સરસ્વતી દેવી તો તમારી જિહ્વા ઉપર આવીને વસી છે. અને લક્ષ્મીદેવી તમારા હસ્ત કમલમાં રહેલી છે, તેથી શું કીર્તિ કોપાયમાન થઇને દેશાન્તર–પરદેશમાં ચાલી ગઇ છે?"

હવે મહારાજા વિક્રમાદિત્ય પાસે રાજ્ય સિવાય અન્ય કંઈજ આપવાનું ન રહ્યું એટલે સિંહાસન ઉપરથી તરત નીચે ઉતરીને, ભક્તિપૂર્વક સૂરીશ્વરને નમસ્કાર કરીને બોલ્યા કે "આ મારૂં ચારે દિશાનું સર્વ રાજ્ય, તેમજ હાથી, ઘોડા, રત્ન, આદિ સર્વ લક્ષ્મી હું આપને અર્પણ કરૂં છું; તે મારા ઉપર અનુગ્રહ કરીને ગ્રહણ કરો !" ત્યારે પૂ. શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ બોલ્યા કે "હે વિક્રમાદિત્ય ! માતા, પિતા, આદિ કુટુંબનો તથા લક્ષ્મી વિગેરેનો મેં ત્યાગ કર્યો છે, તેથી હવે

મારૂં મન હંમેશાં માટીના ઢેફાને તેમજ સોનાને, શત્રુ અને મિત્રને, કોમળ શય્યા અને તૃણની શય્યા વિગેરેને સદાકાળ સમાન જ ગણે છે. અને ભિક્ષા માગીને લાવેલા અન્નથી નિર્વાહ કરી સંતોષ માને છે, તેમજ જીર્ણ વસ્ત્રથી અમે દેહને ઢાંકીએ છીએ અને પૃથ્વીની પીઠ ઉપર સંથારો કરી સુનારા અમે છીએ, માટે હે રાજન્ ! તમારૂં રાજ્ય લઇને અમે શું કરીએ ?" સૂરીશ્વરજીની ઉત્તમ ત્યાગ ભાવના અને નિર્લોભતા નિહાળી વિક્રમાદિત્યે જૈન ધર્મની વારંવાર બહુમાનપૂર્વક પ્રશંસા કરીને કહ્યું કે "હે પૂજ્ય ગુરૂદેવ ! મારા લાયક જે યોગ્ય કાર્ય હોય તે ફરમાવો." ત્યારે સૂરીશ્વરજીની આજ્ઞાથી ઓંકારપુરમાં એક ભવ્ય મનોહર મોટું જિન મન્દિર શ્રાવકોના કહેવા પ્રમાણે ભૂપતિએ બંધાવી આપ્યું.

## ૧૦. સૂરીશ્વરની પ્રાકૃત સૂત્રોને સંસ્કૃતમાં રૂપાન્તર કરવાની ભાવના—

એક વખતે પૂ. શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ સવારમાં શ્રીઋષભદેવ ભગવાનના મન્દિરે દર્શનાર્થે ગયા. ત્યાં ઘણા ભાવી શ્રાવકો દર્શનાર્થે આવેલા. સૂરીશ્વરજીએ અત્યંત ઉત્સાહથી પોતાની વિદ્વત્તાની અલંકાર યુક્ત ભાષામાં ચૈત્યવંદન કર્યું. પછી તેમને 'નમુત્થુણં' આદિ પ્રાકૃત સૂત્રોથી વંદન કરતા જોઈ, સામાન્ય શ્રાવકો અને સાથે આવેલા પંડિતો હસવા લાગ્યા અને બોલ્યા કે "આટલાં વર્ષો સુધી ઘણા શાસ્ત્રોને ભણીને પણ આ ગુરૂદેવ આ પ્રકારે આપણે બોલીએ તે ચાલુ પ્રાકૃત ભાષાનાં સૂત્રોથી જ અરિહંત ભગવંતની સ્તુતિ કેમ કરે છે ?" શ્રાવકોનાં આવાં વચનો સાંભળીને સૂરીશ્વરજી સહજ લજ્જા પામ્યા, અને તેમના મનમાં વિચાર આવ્યો કે શ્રીતીર્થંકર દેવોએ કહેલા અને શ્રી ગણધર મહારાજાઓએ રચેલા સર્વ શાસ્ત્રો અર્ધમાગધી-પ્રાકૃત ભાષામાં છે. પરંતુ નમુત્થુણં આદિ વંદનાદિક સૂત્રોને

પ્રાકૃત ભાષામાંથી મધુર સંસ્કૃત ભાષામાં ઉતાર્યા હોય તો તેનું વિદ્વાનોમાં કેટલું ગૌરવ વધે ? આમ વિચારીને તેમણે નવકાર મંત્રનું 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः'× એ પ્રમાણે સંસ્કૃત રૂપાન્તર કર્યું. આમ શરૂઆત તો કરી, પરન્તુ તેમને ફરી વિચાર આવ્યો કે પૂજ્ય ગુરૂદેવને પૂછીને આ કામ કરવું વધારે ઈષ્ટ છે. તે વખતે પોતાના ગુરૂવર્ય પૂજ્યપાદ શ્રીવૃદ્ધવાદિ-સૂરીશ્વરજી મ. સા. પ્રતિષ્ઠાનપુરે બિરાજતા હતા, ત્યાં પોતે આવ્યા, અને બધી વાત વિદિત કરી પૂછયું કે 'આ નમુત્થુણં વિગેરે વંદનાદિક સૂત્રોને સુંદર સંસ્કૃત ભાષામાં બનાવીએ તો કેમ ?' શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીના વિચારો જાણી ગુરૂ મહારાજ શ્રીવૃદ્ધવાદિસૂરીશ્વરજી મહારાજ ખેદયુક્ત બોલ્યા કે "હે આર્ય ! ચૌદ પૂર્વ આદિ સર્વ શાસ્ત્રોના પારંગામી શ્રીગૌતમસ્વામીજી આદિ ગણધર ભગવન્તોએ બાળ, સ્ત્રી અને અલ્પબુદ્ધિવાલાઓના ઉપકારાર્થે પ્રાકૃત-અર્ધમાગધી ભાષામાં જ સર્વ સિદ્ધાન્તો-શાસ્રો રચેલાં છે. જો સંસ્કૃત ભાષામાં સૂત્રો રચ્યા હોત તો, સામાન્ય જનતાને સમજવાં કઠીન થઈ પડે, અને તેથી સમાજ અજ્ઞાન રહી જાય. શ્રી તીર્થંકર ભગવંતો તથા ગણધર ભગવન્તોએ જે કર્યું છે તે લાભાલાભની દૃષ્ટિએ ઉચિત જ કર્યું છે. આ પ્રકારે વિચાર કરવાથી તમે શ્રીતીર્થંકર ભગવન્તોની અને આગમોની આશાતના કરી અત્યંત પાપ ઉપાર્જન કર્યું છે. તેથી તમારે સંસાર સમુદ્રમાં ભ્રમણ કરવું પડશે." પૂજ્યપાદ ગુરૂ મહારાજના હિતકારી મધુર

× નવકાર મન્ત્રનું સંસ્કૃત રૂપાન્તર કર્યું છે એવો પં. શુભશીલ ગણિકૃત મૂળ વિક્રમચરિત્રમાં ઉલ્લેખ નથી, બીજાં કેટલાંક સ્થાને દેખાય છે અથવા પૂર્વાન્તર્ગત આ વાક્ય છે, અર્થાત્ શ્રી સિદ્ધસેનદિવાકર-સૂરીશ્વરજીની આ મૂળ કૃતિ નથી પરન્તુ આને પૂર્વમાંથી જાહેરમાં લાવનાર પ્રાયઃ તેઓશ્રી છે. આવા જુદા જુદા મન્તવ્ય ભેદ છે.

વચનો સાંભળીને ભવભીરૂ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી બોલ્યા કે "હે પરમકૃપાળુ ગુરૂ મહારાજ! મેં અજ્ઞાનપણે મૂર્ખતાથી જ આ પ્રમાણે આચરણ તથા વિચાર કર્યો છે. તો આ અતિ દુઃખદાયક પાપથી છૂટવા મને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપો." આવી શિષ્યની નમ્રતા પૂર્વકની પ્રાર્થના સાંભળીને શ્રીવૃદ્ધવાદિસૂરીશ્વરજી બોલ્યા કે "હે આર્ય! તારા જેવાને* પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવું જોઇએ. તેથી જો તું બાર વર્ષ સુધી ગુપ્ત–અવધૂત વેશે રહીને બાર વર્ષના અન્તે એક પ્રૌઢ પ્રતાપી રાજાને પ્રતિબોધીને જૈનધર્મી કરે તો આ ઘોર પાપથી તારો છૂટકારો થાય. અન્ય કોઈ ઉપાય નથી."

પૂજ્યપાદ ગુરૂ મહારાજની વાણી સાંભળીને સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી સાધુવેશ ગોપવી અવધૂતના વેશમાં અનેક સ્થાને ધર્મોપદેશ આપતા પૃથ્વી ઉપર ભ્રમણ કરવા લાગ્યા. જોતજોતામાં બાર વર્ષો વિતાવી અનુક્રમે કુસંગતિથી મિથ્યાત્વને પામેલા મહારાજા વિક્રમાદિત્યને પ્રતિબોધવા માલવા તરફ વિહાર કરી અવંતીમાં આવ્યા, અને મહાકાળ–મહાદેવના મન્દિરમાં જઇને શંકરના લિંગની સામે પગ કરીને સુઈ ગયા. જ્યારે પૂજારી પૂજા કરવા આવ્યો ત્યારે સૂતેલા અવધૂતને જોઈ આશ્ચર્યચકિત થઈ પૂજારી બોલ્યો, "અરે, આ કોણ સૂતો છે? આ પ્રકારે મહાદેવની ઘોર આશાતના કેમ કરી રહ્યો છે" વિગેરે સુતેલા જટાધારી અવધૂતને ઉઠાડવા માટે અનેક બૂમો પાડી, પણ જાણે બહેરાની માફક સાંભળે છે કોણ? છેવટે પૂજારીએ બ્હાવરા બની મહારાજા વિક્રમાદિત્ય પાસે

* ૧ આલોચન, ૨ પ્રતિક્રમણ, ૩ ઉભય, ૪ વિવેક, ૫ કાયોત્સર્ગ ૬ તપ, ૭ છેદ, ૮ મૂલ, ૯ અનવસ્થાપ્ય, અને ૧૦ પારાંચિત. આ પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી દશમું છેલ્લું પારાંચિત નામનું પ્રાયશ્ચિત્ત કરવા ગુરૂ મહારાજે આજ્ઞા ફરમાવી. આ દશમા પ્રાયશ્ચિત્તની એવી આમન્યા છે કે બાર વર્ષ સુધી ગચ્છ-સમુદાય બહાર ગુપ્ત વેશે રહી દુષ્કર તપશ્ચર્યા કરી અરણ્યમાં વિચરવું અને અન્તમાં એક પ્રૌઢ પ્રતાપી ભૂપતિને પ્રતિબોધવો.

જઈ આ સમાચાર આપ્યા અને કહ્યું કે "હે મહારાજા! આજે સવા-રના પહોરમાંજ કોઈ અવધૂત શિવલિંગ સામે પગ કરી સુતો છે. અમોએ ઉઠાડવા માટે ઘણાએ પ્રયત્નો કર્યા, છતાં તે હઠીલો અવધૂત-જોગી ઉઠતો નથી, પૂજારીના મુખેથી આ વૃત્તાન્ત સાંભળી મહારાજાએ પણ આશ્ચર્ય ચાકત થતાં કહ્યું કે "જો તે કોઈ



પ્રકારે ન ઉઠે તો એ શિવલિંગ-મહાદેવની આશાતના કરતા અવધૂતને મારીને પણ દૂર કરો.' એવી આજ્ઞા આપીને રાજા-


સેવકોને મહાકાળના મન્દિરે મોકલ્યા. રાજસેવકોએ આવીને અવધૂતને ઉઠાડવા પ્રયત્નો કર્યા છતાં જ્યારે અવધૂત ન ઉઠયો ત્યારે રાજસેવકો ચાબુક લઈ તેને મારવા લાગ્યા. પરન્તુ ત્યાં તો એક આશ્ચર્યકારી બીના એ બની કે મન્દિરમાં અવધૂતને મરાતો ચાબુકનો માર અન્તઃપુરમાં—રાજ મહેલમાં રહેલ મહારાણીઓને પડવા લાગ્યો. અન્તઃપુરમાંથી દાસીઓએ આવીને તરતજ મહારાજા વિક્રમાદિત્યને મહારાણીઓને ચાબુકોનો માર પડવા સંબંધી સમાચાર આપ્યા. મહારાજા વિક્રમાદિત્ય પણ આ સમાચાર સાંભળીને આશ્ચર્યચકિત થયા અને તરતજ સીધા મહાકાળના મન્દિરે આવીને અવધૂતને કહ્યું કે "હે મહાત્મન્ ! તમે આ કલ્યાણકારક મહાદેવ-શિવલિંગની સ્તુતિ કરો ! દેવતાઓની સ્તુતિ કરવી જોઇએ, પરન્તુ અવજ્ઞા—આશાતના કરવી તે આપ જેવાને યોગ્ય નથી."

ઘડીભરમાં તો મન્દિરમાં માનવમેદની એકઠી થઈ અને સૌ અવધૂતને એકી ટશે જોવા લાગ્યા. ક્ષણે ક્ષણે પ્રેક્ષક સમુદાય વધવા લાગ્યો.

## ૧૧. શ્રીઅવંતિ પાર્શ્વનાથ ભગવાનની ઉત્પત્તિ—

અવધૂતે કહ્યું કે "હે માલવાધીશ ! મારી કરેલી સ્તુતિ કે પ્રાર્થના આ મહાદેવ સહન નહિ કરી શકે ?" ભૂપતિએ કહ્યું કે "ભલે ગમે તે થાય, પરંતુ સ્તુતિ કરો. તે દેવ તમારી કરેલ સ્તુતિ સહન કરશે." અવધૂતે કહ્યું કે 'જો મારી સ્તુતિથી કોઈ વિઘ્ન થાય તો મને દોષિત ગણતા નહિ.' એમ કહીને અવધૂત તરતજ ઉભા થઈ સ્તુતિ કરવા લાગ્યા. શ્રી મહાવીર ભગવંતની द्वात्रिंशद् द्वात्रिंशिकादिभिः-બત્રીશ શ્લોકના બત્રીશ સ્તોત્રોથી સ્તુતિ કરી પણ મહાવીર ભગવંત પ્રગટ ન થયા. ત્યારે શ્રીપાર્શ્વનાથ ભગવાનની સંસ્કૃત સ્તુતિ કરવા લાગ્યા. પ્રથમ તો તેમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળવા માંડ્યા. સૌ પ્રેક્ષકના મનમાં થયું કે મહાદેવજી

અવધૂત ઉપર ખૂબ કોપ્યા લાગે છે, હમણાંજ આ અવધૂતને બાળીને ભસ્મીભૂત કરી નાખશે. જ્યારે કલ્યાણ મન્દિર સ્તોત્રનો



૧૩મો શ્લોક 'क्रोधस्त्वया यदि विभो प्रथमं निरस्तः' આદિ બોલ્યા ત્યારે શિવલિંગ ફાટયું, અને તે શિવલિંગમાંથી શ્રીપાર્શ્વનાથ ભગવંતના અદ્ભૂત મનોહર પ્રતિમાજી પ્રગટ થયા. પ્રગટ થયેલા પ્રતિમાજી જોઈને અવધૂતે કહ્યું કે, "આ વીતરાગ દેવજ મારી

અદ્ભૂત સ્તુતિ સહન કરી શકે !"

ભૂપતિએ પૂછયું "હે ભગવન્ તમે કોણ છો ? અને આ નીકળ્યા છે તે દેવ કયા છે ?" અવધૂતે કહ્યું કે "સૂરિશિરોમણિ શ્રીવૃદ્ધવાદિસૂરીશ્વરજી મહારાજનો હું સિદ્ધસેનદિવાકર નામનો શિષ્ય છું. કાંઈક કારણથી બહાર નીકળ્યો છું, અને અનેક દેશોમાં ભ્રમણ કરતો આ અવંતીનગરીમાં આવ્યો છુ. પહેલાં તમારી અને મારી મુલાકાત બે વખત થયેલ છે." લગભગ બાર વર્ષ પહેલાં ઓંકારપુરમાં બંધાવેલ મન્દિર સંબંધી વૃત્તાન્ત સંભાળીને રાજાએ સૂરીશ્વરજીને ઓળખ્યા. પછી મહારાજાના પૂછવાથી શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીએ શ્રીઅવંતી પાર્શ્વનાથ ભગવાનનો પૂર્વ ઇતિહાસ કહ્યો. તે આ પ્રમાણે :—

વીર સંવત ૨૫૦ લગભગ આજ અવંતી નગરીમાં શ્રીભદ્ર શ્રેષ્ટી વસતા હતા. તેમને શીલાદિ ગુણે કરી યુક્ત ભદ્રા નામની ભાર્યા હતી. તેણીએ અવંતીસુકુમાર નામના કુમારને જન્મ આપ્યો. યોગ્ય ઉંમર થતાં માતા પિતાએ બત્રીસ કુળવાન કન્યાઓ સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. બત્રીસ સ્ત્રીઓ સાથે અવંતિસુકુમાર શાલિભદ્રની જેમ સંસાર સુખો ભોગવતો સમય પસાર કરવા લાગ્યો.

એક સમયે ભારત સમ્રાટ મહારાજા સંપ્રતિને પ્રતિબોધી જૈન ધર્માનુયાયી કરનાર દશ પૂર્વધર આચાર્ય શ્રીઆર્યસુહસ્ત સૂરીશ્વરજી મહારાજ સાહેબ ગ્રામાનુગામ વિચરી અવનીતળને પવિત્ર કરતા અત્રે પધાર્યા હતા. સૂરીશ્વરે ભદ્રા શેઠાણીની અનુમતિ લઈને તેઓના મકાનમાં સ્થિરતા કરી. રાત્રીએ આચાર્ય ભગવાન શિષ્યો પાસે નલિનીગુલ્મ વિમાનનું વર્ણન કરતા હતા, તે ભદ્રા શેઠાણીના પુત્ર અવંતીસુકુમારે સાંભળ્યું, જેથી તેમને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને તેથી પોતે તે વિમાનમાંથી અહીં

ઉત્પન્ન થયા છે એવું જાણ્યું. તેથી અવંતીસુકુમારે આચાર્ય ભગવાન આર્યસુહસ્તિસૂરીશ્વરજી મહારાજ પાસે આવી ફરીથી નલિનીગુલ્મ વિમાન પ્રાપ્ત કરવાનો ઉપાય પૂછયો, ત્યારે આચાર્ય ભગવન્તે કહ્યું કે "મહાનુભાવ! આ પાંચ મહાવ્રતોની આરાધના સિવાય અન્ય ઉપાય નથી. એ સંયમથી તો મોક્ષનું અક્ષયસુખ પણ મેળવી શકાય છે." ત્યારે અવંતીસુકુમારે કહ્યું કે "હે પરમોપકારી પૂજ્ય ગુરૂદેવ! આપ મને પરમ ભાગવતી દીક્ષા આપો." સૂરિભગવંતે કહ્યું કે "હે શ્રેષ્ઠિનન્દન! માતાપિતાની સંમતિ મેળવીને દીક્ષા ગ્રહણ કરો."

અવંતીસુકુમારે સવારે નગર બહાર જઇને પોતાની મેળે દીક્ષા ગ્રહણ કરી ને એજ દિવસે કંથારીકા-અરણ્યમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. ત્યાં રાત્રીના સમયે પૂર્વ ભવની દુષ્ટ પત્ની-શીયાળણીએ તેમને જોઈ રોષ પૂર્વક મરણાન્ત ઉપદ્રવ કરી પોતાનો ભક્ષ્ય બનાવ્યો. શુભ ધ્યાન પૂર્વક મરીને શ્રેષ્ઠી પુત્ર નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. આચાર્ય ભગવન્ત પાસેથી પોતાના પુત્ર અવન્તીસુકુમારનું અવસાન થયેલું જાણીને ભદ્રા માતા ૩૨ પુત્રવધૂઓ સહિત કથારિકા અરણ્યમાં આવી, અને તેમના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. બાદ અવન્તીસુકુમારની ૩૨ સ્ત્રીઓમાંથી એક સગર્ભા સ્ત્રી સિવાય ૩૧ પુત્રવધૂઓ સહિત ભદ્રા માતાએ રાજવૈભવને ત્યાગી, પરમ કલ્યાણકારી પારમેશ્વરી દીક્ષાને ગ્રહણ કરી, પોતાનું આત્મકલ્યાણ સાધ્યું. અનુક્રમે સગર્ભા પત્નીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. પુત્રનું નામ મહાકાળ રાખવામાં આવ્યું. બીજની ચંદ્રકળાની જેમ વૃદ્ધિને પામતા તે બાળકે બાળ વયનું ઉલ્લંઘન કરી યૌવનાવસ્થાને પ્રાપ્ત કરી. એકદા મહર્ષિ પાસેથી પોતાના પિતાનો વૃત્તાન્ત સાંભળી મહાકાળ કુમારે ગુરૂ મહારાજના સદુપદેશથી જે સ્થાને અવન્તીસુકુમાર કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહી પોતાના ઈચ્છિત સ્થાનને પામ્યા, તેજ સ્થાને

એક મહાકાળ નામનું આલિશાન ભવ્ય મોટું મન્દિર બંધાવ્યું, અને તે મન્દિરમાં પિતાની સ્મૃતિ અર્થે શ્રીઅવંતિપાર્શ્વનાથ ભગવંતના પ્રતિમાજી પધરાવી, પુષ્કળ લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો. કાલાંતરે આ શ્રીઅવંતીપાર્શ્વનાથ ભગવન્તના બિંબને બ્રાહ્મણોએ મળીને ભોંયરામાં ભંડારી, તેની ઉપર આ શિવલિંગ સ્થાપન કર્યું. અને મહાકાલેશ્વરના મન્દિર તરીકે પ્રસિદ્ધિમાં લાવ્યા વિગેરે વિસ્તારથી વર્ણન કર્યું. પછી શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજે મહારાજા વિક્રમાદિત્યને ધર્મોપદેશ આપી મિથ્યાત્વીના ધર્મથી ઉદ્ધરી શ્રીવીતરાગ કથિત સત્ય માર્ગાનુયાયી કરી, દેવગુરૂ અને ધર્મરૂપ તત્ત્વત્રયનું સ્વરૂપ સમજાવી, સમ્યકત્વ–સમકિત યુક્ત બાર વ્રતો ઉચ્ચરાવી પરમ શ્રાવક બનાવ્યો. બાદ મહાકાલ નામના મન્દિરનો જીર્ણોદ્ધાર કરી, પુનઃ શ્રીઅવંતીપાર્શ્વનાથ ભગવન્તના બિમ્બને મન્દિરમાં સ્થાપન કરી, અત્યન્ત ભક્તિ ભાવપૂર્વક મહારાજા તે બિંબને પૂજવા લાગ્યા. તથા દેવ પૂજાર્થે એટલે કે મન્દિરના નિભાવ માટે મહારાજા વિક્રમાદિત્યે એક હજાર ગામ શ્રીસંઘને સોંપ્યા.

## ૧૨ મહારાજા વિક્રમાદિત્યને સુવર્ણ પુરૂષની પ્રાપ્તિ—

એક વાર કોઈ ધૂર્ત સંન્યાસી સુવર્ણ પુરૂષની સાધના માટે બત્રીસ લક્ષણા પુરૂષને શોધતો શોધતો અવન્તીમાં આવ્યો. તે વિક્રમાદિત્યની રાજસભામાં રોજ આવીને મહારાજાને એક બીજોરૂ ભેટ ધરતો. એ પ્રમાણે કેટલાક દિવસો ગયા પછી એક દિવસે મહારાજાએ ખુશ થઈને સંન્યાસીને કહ્યું કે "જે જોઈએ તે માગો." આ સાંભળી સંન્યાસીએ કહ્યું કે "મારે સુવર્ણ પુરૂષ સાધવો છે. તેમાં તમો ઉત્તર સાધક બની મને સહાય કરો." મહારાજાએ સંન્યાસીની

(૧) પં. શુભશીલગણિકૃત મૂલ વિક્રમચરિત્રમાં મહાકાલ નામનું મન્દિર અવન્તિસુકુમારના માતા પિતાએ પુષ્કળ ધનનો વ્યય કરી બંધાવ્યું એમ છે. પણ અન્ય સ્થાને પુત્રે મન્દિર બંધાવ્યું છે એવા પ્રકારના સહજ ફેરફાર સાથે જુદા જુદા જીવન પ્રસંગોના પણ વિશેષ ઉલ્લેખો મળે છે.

માગણી સ્વીકારી અને તેની સાથે શ્મશાન ભૂમિમાં ગયા.

સંન્યાસીએ વિધિપૂર્વક મન્ત્રસાધના કરવા માંડી. થોડા વખત પછી સંન્યાસીએ મહારાજાને કહ્યું કે "સામેના ઝાડ ઉપર રહેલા શબને લઈ આવો." મહારાજાએ ઝાડ ઉપર ચઢીને શબના બંધનો કાપી નાખ્યા એટલે તે શબ નીચે પડયું. પછી ઝાડ ઉપરથી નીચે ઉતરી મહારાજા શબ લેવા ગયા ત્યાં તો શબ



પાછું પહેલાની પેઠે ઝાડ ઉપર બંધાઈ ગયું. આ પ્રમાણે કેટલીક વાર બન્યું. તે વખતે અગ્નિવેતાલે તે શબમાં પ્રવેશીને મહારાજાને પચીસ કથાઓ (જે અત્યારે મડાપચીસી-વૈતાલ પચીસી રૂપે પ્રસિદ્ધ છે) સંભળાવીને ઘણી રાત્રી પસાર કરાવીને મહારાજાને કહ્યું કે "આ ધૂર્ત સંન્યાસી કપટથી તમનેજ અગ્નિમાં હોમી સુવર્ણ પુરૂષ બનાવવા માગે છે, માટે ખૂબ સાવધાન રહેજો." ત્યાર પછી મહારાજા શબ લઇને સાવધાન થઈને સંન્યાસી પાસે આવ્યા. ત્યાર પછી સન્યાસી મહારાજાને વિશ્વાસ આપીને તેમને અગ્નિકુંડમાં હોમવા વિચાર કરે છે ત્યાં તો તે સંન્યાસીજ

અગ્નિકુંડમાં હોમાઈ જાય છે અને સુવર્ણ પુરૂષ બની જાય છે. ત્યાર પછી સુવર્ણ પુરૂષના અધિષ્ઠાયક દેવે પ્રત્યક્ષ થઈને મહારાજાને કહ્યું કે "હે પરદુઃખભંજન રાજેન્દ્ર! હું તમને આ સુવર્ણ પુરૂષ આપું છું. આ પુરૂષના મસ્તક સિવાયના બીજા અંગો છેદવાથી તે પાછા તરત જ નવા બની જાય છે એવી આમન્યા છે." ત્યાર પછી તે સુવર્ણ પુરૂષનો મહારાજાએ ઉત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો અને તેને રાજભંડારમાં રાખ્યો. આ સુવર્ણ પુરૂષમાંથી મહારાજાએ પ્રેમ ભાવે દીન-દુઃખીઓને ઉદારતાથી દાન આપી તેમને સુખી કર્યા.

## ૧૩. તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીનો સંઘ—

શ્રીઅવંતીપાર્શ્વનાથ તીર્થના પુનરુદ્ધાર સંબંધી ઘટના સાથે નિકટનો સંબંધ ધરાવનાર સૂરિપુંગવ શ્રીસિદ્ધસેનદિવાકર સૂરીશ્વરજીના ધર્મોપદેશથી રંગાયેલ અને શ્રીવીતરાગ પ્રણીત ધર્મ ઉપર શ્રદ્ધાળુ માલવાધીશ મહારાજા વિક્રમાદિત્યે એક સમયે પ્રાતઃસ્મરણીય પરમ પૂજનીય અનેકાનેક સિદ્ધ ભગવન્તોની નિર્વાણભૂમિ, પંદર કર્મભૂમિ ક્ષેત્રમાં મુગટ સમાન, ભવ્ય જીવરૂપ કમલને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન અને ત્રણે ભુવનમાં શ્રી સિદ્ધગિરિ સમાન તરણ તારણ અન્ય કોઈ મહાન તીર્થ નથી, એવું અનુપમ શ્રીસિદ્ધાચલજીનું મહાપ્રભાવિક વર્ણન પૂજ્ય આચાર્ય સૂરિપુંગવ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજના મુખની રોચક વાણી દ્વારા સાંભળ્યું. તેથી મહારાજાને પ્રાયઃશાશ્વત અને કલિકાળમાં સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન તીર્થાધિરાજ શ્રીસિદ્ધાચલજીને ભેટવાની ઉત્કંઠા મનમાં જાગૃત થઈ.

એકદા અવસરે મહારાજા વિક્રમાદિત્યે પોતાના હૃદયઘટમાં રહેલી ઉત્તમ ઉર્મિઓ પૂજ્ય ગુરૂ ભગવત પાસે વિદિત કરી કહ્યું કે "હે પરમ કૃપાળુ ગુરૂદેવ! મારી ઉપર અનુગ્રહ કરીને, અમારી સાથે પધારી આપ અમને શ્રીસિદ્ધાચલ મહાતીર્થને

ભેટાવો." ! પૂજ્ય ગુરૂ ભગવન્તે પણ મહારાજા વિક્રમાદિત્યની ભક્તિપૂર્ણ વિનતિને અનુમતિ આપીને વધારે ઉત્સાહિત કર્યો. ગુરૂદેવ તરફથી અનુમતિ મળવાથી મહારાજા વિક્રમાદિત્યે હર્ષિત થઈ સકળ સંઘને એકત્ર કરી શ્રીચતુર્વિધ સંઘ સહિત તીર્થાધિરાજ શ્રીશત્રુંજય ગિરિરાજને ભેટવાની પોતાને થયેલી ભાવના પ્રકાશિત કરી. અને સાથોસાથ ગુરૂ ભગવંતે વિનંતિ સ્વીકાર્યાની વાત જાહેર કરી. વળી રાજ્ય કાર્યકર્તાઓ પણ ભૂપતિ વિક્રમાદિત્યની આજ્ઞાથી સંઘ યાત્રા માટે અનેક પ્રકારની તૈયારીઓ જોતજોતામાં જોશભેર કરવા લાગ્યા. બીજી બાજુ અપૂર્વ ઉત્સાહ પૂર્વક અનેક નૃપતિઓ ને સામંતો ઉપર તેમજ અનેક સ્થાનિક જૈન સંઘો ઉપર સંઘ યાત્રામાં આવવા નિમિત્તે આમન્ત્રણ પત્રિકાઓ રવાના કરવામાં આવી.

માલવાની પ્રાચીન રાજધાની અવંતીમાં આજે પ્રાતઃકાળ-થીજ કોઈ અનેરી જાગૃતિ ફેલાઇ રહી છે. મનુષ્યોના ગમનાગમનથી જડ ગણાતી પૃથ્વી પણ સચેતનપણાને જાણે ન પામી હોય તેમ દેખાય છે. આજે નગરનો કોઈ પણ માર્ગ એવો નથી રહ્યો કે જ્યાં સંઘયાત્રા સંબંધી પરસ્પર વાર્તાલાપ કરતાં લોકોના ટોળે ટોળાં મળી ઉભા ન હોય. અત્યારે અવંતીપતિ મહારાજા વિક્રમાદિત્ય પોતે સંઘ લઈ પરમ પવિત્ર તીર્થાધિરાજ શ્રીશત્રુંજય ગિરિરાજને ભેટવા જવા માટે પ્રયાણ કરવાના છે. શુભ તિથિ અને શુભ મુહૂર્તે ભૂપતિ વિક્રમા-દિત્યે ચતુર્વિધ સકળ સંઘ સાથે શ્રીઅવન્તીપાર્શ્વનાથ ભગવન્તને ભાવપૂર્વક નમસ્કાર કરીને નગરી બહારના ઉદ્યાન તરફ પ્રયાણ કર્યું તે વખતે રાજ્યભક્ત અવંતીની સમગ્ર પ્રજાએ આખીયે અવંતીનગરી ચારે કોર ધ્વજા–પતાકાઓ અને તોરણોથી શણગારી તથા સ્થાને સ્થાને સુશોભીત કમાનો ગોઠવવામાં આવી. જ્યાં જ્યાં ત્રણ ત્રણ અને ચાર ચાર રસ્તાઓ ભેગા મળતાં ત્યાં ત્યાં સુંદર આકર્ષક દેખાવો ઉભા કરવામાં આવ્યા હતા. તેમજ રાજમાર્ગ ઉપર સુગંધી જલ

છંટકાવ કરી અવંતી નગરીને અલકાપુરીથી પણ વિશેષ શોભાયમાન કરી મૂકી હતી. અન્ય ગામથી આવેલ પ્રજાજનો તો ભ્રમમાં પડી વિચાર કરવા લાગ્યા કે "જેવું અલકાપુરીનું વર્ણન સાંભળીએ છીએ, તેવીજ આજે આ અવંતીનગરીની શોભા આપણે પ્રત્યક્ષ નિહાળી રહ્યા છીએ."

આ પ્રમાણે આખીયે નગરીમાં સંઘના પ્રયાણ સંબંધીજ વિવિધ પ્રકારની વાતો જનતા ટોળે મળી કરી રહી છે. સમગ્ર પ્રજા પણ જાણે શોભામાં જરાયે ખામી ન રહી જાય એવો નિશ્ચય કર્યો હોય તેમ જે જે માર્ગે થઈને સંઘયાત્રાની સ્વારી જવાના સંદેશા મળતા જાય તે તે સ્થળે સર્વત્ર ઉચિત તૈયારીઓ પૂર જોશથી કરી રાખે છે. અને જે તરફ સ્વારી આવવાની હોય તે તરફ પહેલેથીજ ભિક્ષુકોનાં ટોળેટોળાં આવી માર્ગની બન્ને બાજુ ગોઠવાઈ જાય છે. ભિક્ષુકોને પણ આજે ભાગ્યાનુસાર સારો તડાકો પડવા માંડયો છે. નગરના મુખ્ય મુખ્ય માર્ગે થઈ સ્વારી આગળ ધપી રહી છે. મોટા મોટા વિશાળ રસ્તાઓ પણ આજે સંકુચિત લાગવા માંડયા છે. નરનારીઓનાં ટોળે ટોળાં બારી તથા અગાસીઓ ઉપર ચઢી અથવા રસ્તાઓ પર મહામુસીબતે ખીચોખીચ દબાઈને ઉભા રહી, આ સ્વારીની અદ્વિતીય શોભા નિહાળી રહ્યાં છે. મૂળ ચરિત્રકારના શબ્દોમાં કહીએ તો સંઘપતિ મહારાજા વિક્રમાદિત્યની સંઘયાત્રામાં મુકુટબંધી ચૌદ તો ભૂપતિઓ પરિવાર યુક્ત હતા. પૂજ્યપાદાચાર્ય શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ આદિ પાંચસો આચાર્ય ભગવન્તો સપરિવારે હતા. સિત્તેર લાખ તો ઉત્તમ શુદ્ધ શ્રાવકોનાં કુટુંબો હતાં. અને એકસો ઓગણોસિત્તેર સુવર્ણનાં જિનચૈત્યો હતાં; ત્રણસો સોના ચાંદીના જિન મન્દિરો અને પાંચસો હાથી દાંતના મનોહર જિનમન્દિરો હતાં. તેમજ અઢારસો સુરમ્ય કાષ્ટનાં મન્દિરો હતાં. વળી એક ક્રોડ બે લાખ અને નવસો સુંદર રથ સંઘમાં સાથે ચાલતા હતા.


અઢાર લાખ ઉત્તમ જાતિવંત અશ્વો, છ હજાર હાથીઓ તથા સામાન ઉપાડવા માટે ખચ્ચરો, ઉંટો અને બળદો પુષ્કળ સંખ્યામાં રાખેલા હતા. યાત્રાળુ સ્ત્રી પુરૂષો અનેક હતાં કે જેની સંખ્યાનો પાર નહોતો.

અહિં અતિશયોક્તિ જેવું કંઈજ નથી કેટલીક વાર જે વસ્તુ આપણા વખતમાં ન બની હોય અથવા આપણે નજરે ન નિહાળી હોય તેથી અન્ય સમયમાં પણ નહોતી એમ માનવું ભૂલ ભરેલું છે, કારણ કે થોડા સમય પહેલાંના નીકળેલા સંઘો જેઓ પોતાની આંખે નિહાળવા ભાગ્યશાલી થયા છે તેઓ તો આ વસ્તુ સમજ્યા વિના રહેશે નહિ. સમયચક્ર અનુસાર પરિવર્તન થયા કરે છે. માટે જો જિજ્ઞાસાવૃત્તિથી અને શ્રદ્ધાથી અવલોકન કરીએ તો ઇતિહાસ અને પ્રાચીન શાસ્ત્રોમાં કથેલા પ્રમાણોના અંકોડા સ્હેલાઇથી મેળવી શકાય તેમ છે.

અપૂર્વ ઋદ્ધિપૂર્વક અને રાજ સૈનિકોથી રક્ષણ કરાતો શ્રીચતુર્વિધ સંઘ શ્રીશત્રુંજય ગિરિરાજ તરફ ચાલ્યો. રસ્તામાં આવતા દરેક ગામોમાં સ્નાત્રપૂજા ભણાવતા, ત્યાં રહેલા મન્દિરો ઉપર ધ્વજાઓ ચડાવતા અને જૈનશાસનની પ્રભાવના કરતા મહારાજા અનુક્રમે તીર્થાધિરાજ શ્રીશત્રુંજય ગિરિરાજની સમીપમાં સંઘ સાથે અમાપ ઉત્સાહભેર આવી પહોંચ્યા

સકળ સંઘને પરમ પૂજનીય તરણ તારણ ગિરિરાજનાં દર્શન થતાંજ મહારાજા વિક્રમાદિત્યે પ્રફુલ્લિત વદને સોના રૂપાના ફુલડે ગિરિરાજને વધાવ્યો. પછી ચિરકાળસંચિત અભિલાષા પૂર્ણ થવાથી યાચકોને પુષ્કળ દાન આપી ચપલ લક્ષ્મીનો સદ્-વ્યય કર્યો. સંઘના મુકામની ચોતરફ લશ્કરી છાવણીની જેમ વિશાળ તંબુઓ અને રાવટીઓ નાખી હોવાથી, અને વચમાં રહેલા જિનમન્દિરોના શિખરો ઉપરથી ઉડતી ધ્વજાઓ જાણે દૂરથી મનુષ્યોને દેવાધિદેવના દર્શન કરવા અથવા તો સંઘમાં

આવવા આમન્ત્રણ આપતી હોય એવી દેખાતી હતી. ક્રમે કરી શ્રીસંઘે પરમ પાવન શ્રીશત્રુંજય ગિરિરાજની તળેટીમાં આવી



મુકામ કર્યો. સુવર્ણમય પ્રભાતે ધન્ય ઘડી અને ધન્ય દિવસ માનતો મહારાજા વિક્રમાદિત્ય પરમ ભક્તિ ભાવથી સમૂહ સાથે

ગિરિરાજ ઉપર ચઢયો. પછી શ્રીયુગાદિદેવ શ્રીઋષભદેવ પ્રભુનું અષ્ટ-પ્રકારી પૂજન તથા સ્નાત્રપૂજા આદિ કરવા પૂર્વક જિનાલય ઉપર ધ્વજારોપણ કર્યું. પછી પૂજ્ય ગુરૂ ભગવન્ત શ્રીસિદ્ધસેનદિવાકર-સૂરીશ્વરજી મહારાજના શુભ હસ્ત કમળથી સંઘમાળ-તીર્થમાળ પરિધાન કરીને જીવન સાફલ્ય માનતા અવન્તીપતિ વિક્રમાદિત્ય ભાવ ભક્તિપૂર્વક પ્રભુ સન્મુખ ઉભા રહી નીચે મુજબ સ્તુતિ કરવા લાગ્યા.

"[૧]सुरासुरमहीनाथमौलिमालीनतक्रमम् ।
श्रीशत्रुंजयकोटीरमणिं श्रीऋषभं स्तुवे ॥१॥"
विभो ! त्वत्पदराजीवं ये सेवन्ते जनाः सदा ।
सुरासुरनृपश्रेणी भजते तान् सुभक्तितः ॥२॥
तनोषि त्वं विभो ! यस्य मानसे वासमन्वहम् ।
तस्य पापानि गच्छन्ति तमांसीव दिनोदयात् ॥३॥
निरीक्ष्य त्वन्मुखाम्भोजं सुरासुरसुखप्रदम् ।
कृतार्थोऽहमभूवं श्रीनाभिभूपालनन्दन ! ॥४॥
सुवर्णवर्णसंकाशदेहद्युतिभर प्रभो !
निजांह्रिकमलावासं देहि मे नाभिनन्दन ! ॥५॥"

---

[૧]સુર અસુર અને રાજાઓના મસ્તકના સમૂહથી નમાએલા ચરણવાળા અને શ્રીશત્રુંજય તીર્થ રૂપી મુગટને વિષે મણિ સમાન શ્રીઋષભદેવને હું સ્તવું છું. ૧.

હે પ્રભુ ! જે મનુષ્યો તમારા ચરણકમલને હંમેશાં સેવે છે તેઓને સુર અસુર અને રાજાઓનો સમુદાય પણ સારી ભક્તિપૂર્વક સેવે છે. ૨.

હે પ્રભુ ! જેઓના મનમાં તમે દરરોજ વાસ કરો છો તેનાં પાપો દિવસનો-સૂર્યનો ઉદય થવાથી અંધકારની જેમ નાશ પામે છે. ૩.

હે નાભિ રાજાના પુત્ર ! સુર અને અસુરોને સુખ આપનારૂં તમારૂં મુખ કમળ જોઈને હું કૃતાર્થ થયો છું. ૪.

સુવર્ણ સમાન શરીરની કાંતિના સમૂહવાળા હે પ્રભુ નાભિનંદન ! મને આપના ચરણ કમલને વિષે રહેવાસ આપો. ૫.

ઈત્યાદિ સ્તુતિ કરી ત્યાં રહેલા બીજા સર્વ શ્રીતીર્થંકર ભગવંતોને નમસ્કાર કરી ચૈત્ય બહાર નીકળ્યા. કેટલાક જિનેશ્વર ભગવંતોના મન્દિરો જીર્ણ થયેલા નિહાળી વિક્રમાદિત્ય ભૂપતિએ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજને કહ્યું કે "આ પ્રાસાદ પણ પડવાની તૈયારીમાં છે," ત્યારે સૂરીશ્વરજીએ જીર્ણોદ્ધાર સંબંધી ધર્મોપદેશ આપતાં કહ્યું કે "નવા જિનચૈત્યો બંધાવવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેના કરતાં જીર્ણ થયેલા જિનમન્દિરો સુધારી જીર્ણોદ્ધાર કરવામાં આઠ ગણું ફલ જિનેશ્વર ભગવંતોએ કહેલું છે." વિગેરે ધર્મોપદેશ સાંભળી ભૂપતિએ સૂરીશ્વરજીની આજ્ઞા પ્રમાણે ઘણા ધનનો વ્યય કરી સારકીય જાતિના ઉત્તમ કાષ્ટનું એક મોટું સુંદર મુખ્ય મન્દિર બંધાવ્યું. અને અન્ય જીર્ણ થયેલા મન્દિરો સમરાવી ભાવ ભક્તિપૂર્વક જીર્ણોદ્ધાર કરાવ્યા અનુક્રમે શ્રીગીરનાર-રૈવતાચલ જઈને મહારાજાએ વિધિપૂર્વક સ્નાત્રપૂજા તથા ધ્વજારોપણ વિગેરેથી હર્ષિત વદને સૂરીશ્વરજીના હસ્તકમલથી તીર્થમાલ પરિધાન કરી. બન્ને મહાન-તીર્થની યાત્રા કરી અનુક્રમે સંઘ પાછો સુખ પૂર્વક અવંતી-ઉજ્જયિની આવી પહોંચ્યો. બાદ પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી પાસે હંમેશાં ધર્મકથા સાંભળીને સાહસિક શિરોમણિ મહારાજા વિક્રમાદિત્ય ન્યાય નીતિપૂર્વક રાજ્ય પાલન કરી જન્મ સફલ કર્યો.

## ૧૪ વિક્રમ સંવતની પ્રવર્તના—

એક અવસરે પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીએ મહારાજા વિક્રમાદિત્યને દાનધર્મનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે :—

"धनाङ्गं परिवाराद्यं, सर्वमेव विनश्यति ।
दानेन जनिता लोके, कीर्तिरेकैव तिष्ठति ।।"

"ધન, શરીર, પરિવાર વગેરે સર્વ પદાર્થો નાશ પામે છે, પરન્તુ દાન વડે લોકમાં ઉત્પન્ન થએલી એક કીર્તિજ સ્થિર રહે છે." વળી દાન કદી પણ નિષ્ફળ જતું નથી, કારણ કે "સત્પાત્રમાં

આપેલું દાન પુણ્ય બંધ કરાવે છે, તે સિવાય બીજામાં આપેલું દાન 'દયાળુપણાની' પ્રસિદ્ધિ કરાવે છે. મિત્રને આપવાથી પ્રીતિને વધારે છે. દુશ્મનને આપવાથી વૈર ભાવનાનો નાશ થાય છે. નોકરને આપવાથી સેવા ભક્તિમાં ઉત્સાહ વધારે છે. રાજાને આપવાથી પૂજા અને સન્માન અપાવે છે. ભાટ, ચારણ અને બંદી જનને આપેલું દાન યશને ફેલાવે છે. માટે કોઈ પણ સ્થાને આપેલું દાન નિષ્ફળ જતું નથી. તે જ્યાં અપાય ત્યાં ફલ આપનારૂં જ બને છે દાન વડે જ નગરની શોભા છે." ઈત્યાદિ ધર્મોપદેશ સાંભળી મહારાજા ઘણું દાન કરવા લાગ્યા. અનુક્રમે



દાન આપીને તેમણે પૃથ્વીને અઋણુ એટલે દેવા રહિત કરી સમુદ્ર પર્યંત દારિદ્રયનું નામ નિશાન રાખ્યું નહિ. આથી કલિયુગમાં પણ કલ્પવૃક્ષની ઉપમા મેળવી મહારાજાએ પોતાનું જીવન સાર્થક કર્યું. ત્યાર પછી કીર્તિસ્તંભ બંધાવી પોતાનો સંવત પ્રવર્તાવ્યો અને પોતાની નામના અમર કરી. વીર નિર્વાણ સંવત ૪૭૧ વર્ષથી વિક્રમ સંવત આરંભાયો.

એક સમયે મહારાજા વિક્રમાદિત્યે શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીને પૂછ્યું કે "હે ગુરૂ મહારાજ! ભવિષ્યમાં મારા જેવો કોઈ જૈન રાજા થશે?" ત્યારે ગુરૂ મહારાજે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે "હે રાજન! તારા સંવત્સરથી ૧૧૯૯ વર્ષે કુમારપાળ નામે રાજા તારા જેવા થશે." ગુરૂના મુખથી આવું ભવિષ્ય કથન સાંભળીને હર્ષિત થએલા વિક્રમાદિત્યે મહાકાલના પ્રાસાદમાં ગુરૂ મહારાજાએ કહેલા શબ્દો કોતરાવી ગુર્જરેશ્વર કુમારપાળનું નામ અમર કર્યું.

**ઉપસંહાર**:—મહારાજા વિક્રમાદિત્ય મહાપરાક્રમી, વિદ્યાપ્રેમી અને ગુણવાનમાં શિરોમણિ હતા. પોતાના સમયમાં માનવ કલ્યાણનાં અનેકાનેક કાર્યો કરી જગતમાં કીર્તિ મેળવી અને અનેક દીન દુઃખી મનુષ્યોને મદદ કરી 'પરદુઃખભંજન'નું બિરુદ સાર્થક કર્યું. ઘણાં પંડિતોને આશ્રય આપી નવ નરરત્નોથી રાજસભાને સુશોભિત કરી. કોઇ એક પંડિતે વિક્રમાદિત્યની સભાનું વર્ણન કરતાં કહ્યું છે કે—

धन्वन्तरि–क्षपणकामरसिंह–शंकु–वेतालभट्ट–घटकर्पर–कालिदासाः ।
ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य ॥

૧ ધન્વન્તરિ, ૨ *ક્ષપણક–જૈન સાધુ શ્રીસિદ્ધસેનદિવાકર સૂરિજી મહારાજ, ૩ અમરસિંહ, ૪ શંકુ પંડિત, ૫ વૈતાળ ભટ્ટ, ૬ ઘટકર્પર, ૭ પંડિત કાલિદાસ, અને વરાહમિહિર, તથા ૯ વરરુચિ એ નવ નરરત્નો મહારાજા વિક્રમાદિત્યની સભાના ગણાય છે. અહિં સહજ એક પ્રશ્ન થશે કે વરરુચિ અને વરાહમિહિરનું નામ આવે છે, તો તે કયા વરરુચિ અને વરાહમિહિર સમજવાં? કેટલાક વરરુચિ અને વરાહમિહિરનું નામ સાંભળીને નન્દરાજા અને શકડાળ મન્ત્રીના સમયમાં થયેલ સમજે છે. પરન્તુ તેથી આ ભિન્ન સમજવા.

* શબ્દાર્થ સિંધુ વિગેરે કોષમાં क्षपणक શબ્દનો અર્થ જૈન સાધુ કરેલ છે.

મૂલ વિક્રમ ચરિત્રમાં-સિંહાસન બત્રીસીની ઉત્પત્તિ, કવિ કાલીદાસની બીના તેમજ છેલ્લે શાલિવાહન સાથેના યુદ્ધમાં વિક્રમાદિત્યનું મૃત્યુ થાય છે. ત્યાર પછી તેમના પુત્ર વિક્રમચરિત્ર શાલિવાહન રાજાને હરાવીને પોતે રાજા થાય છે. તે વખતે વિક્રમચરિત્ર સ્વપિતા વિક્રમાદિત્યના પ્રભાવશાળી સિંહાસન ઉપર બેસવા જાય છે એટલે સિંહાસનની અધિષ્ટાયિકાઓ તેને વારે છે. તે વખતે વિક્રમચરિત્રને સિંહાસનની બત્રીસ અધિષ્ટાયિકા પુતળીઓ સાથે સંવાદ થાય છે, તે "બત્રીસ પુતળીઓની વાર્તા-સિંહાસન બત્રીસીની વાર્તા રૂપે" પ્રસિદ્ધિ પામે છે. તે પછી બત્રીસ અધિષ્ટાયિકાઓ ચાલી જાય છે અને સિંહાસન પ્રભાવ વિનાનું થાય છે.

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજ અનુક્રમે દક્ષિણ દેશમાં જૈન શાસનની અનુપમ ધર્મ પ્રભાવના કરતા કવિઓમાં અગ્રેસર પદ મેળવી પ્રતિષ્ઠાનપુરમાં પધાર્યા. પોતાનું આયુષ્ય ક્ષીણ થયેલ જાણી પોતાના સ્થાને યોગ્ય શિષ્યને સ્થાપન કરી સકળ જીવોને ખમાવી ચાર શરણ સ્વીકારી ચારે આહારના ત્યાગ રૂપ અનશન કરી પરલોકના માર્ગે સીધાવ્યા.

જ્યારે આ સમાચાર ભારત વર્ષમાં ફેલાયા ત્યારે સકળ સંઘે શાસનના પ્રખર સ્તંભ સરખા નાથ ગુમાવ્યાનું ભારે દુઃખ અનુભવ્યું. તે સમયે શ્રીસંઘે યથાયોગ્ય પૂજા પ્રભાવના આદિથી શાસન પ્રભાવના કરી.

આ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીનો અને મહારાજા વિક્રમાદિત્યનો ગુરૂ શિષ્ય જેવો અતિ ગાઢ સંબંધ અનેક ગ્રંથ અને પ્રબંધોમાં વર્ણવ્યો છે.

ભારત વર્ષમાં વસનાર એવો કોણ છે કે જેણે અવંતીપતિ શ્રીવિક્રમાદિત્યનું નામ નહિ સાંભળ્યું હોય? તેમના નામથી સંવત ચાલ્યાને આજે બે હજાર વર્ષ થયાં છતાં તેમની નિર્મળ કીર્તિ સર્વત્ર વ્યાપીને રહેલ છે.

શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીના ઓજસપૂર્ણ જીવન અને અપૂર્વ પાંડિત્યના ફલ સ્વરૂપે તેમના રચેલા અનેક ગ્રંથરત્નો

આજે પણ મોજુદ છે. તેમના બનાવેલ ગ્રંથો વાંચતાં જ આપણને તેઓશ્રીની અપૂર્વ વિદ્વતાનો ખ્યાલ આવે છે. વળી કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યજી મહારાજ જેવાએ પણ ધર્મના આઠ પ્રભાવક જણાવતાં શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજને મહાકવિ તરીકે વર્ણવેલ છે. જેમકે:—

"કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ."

જેમણે મહારાજા વિક્રમાદિત્યને પ્રતિબોધ્યા અને સર્વજ્ઞપુત્ર બિરૂદની સાર્થકતા કરી, એ સર્વજ્ઞપુત્ર શ્રી સિદ્ધસેનદિવાકર સૂરીશ્વરજીને આપણી ભૂરિ ભૂરિ વંદના હો.

એ બન્ને ઉત્તમ પુરૂષોનાં જીવનવૃત્તાન્ત દૃષ્ટિ સન્મુખ રાખી શાસનની પ્રભાવના કરવા સાથે સૌ આત્મસાધના કરે એજ શુભેચ્છા.

લી. મુનિ નિરંજનવિજય વિ. સં. ૧૯૯૯ શ્રાવણ સુદ ૧
તપાગચ્છીય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી જ્ઞાનશાળા.
મુ. મધુમતિ—મહુવા (કાઠીયાવાડ)

**शासनस्य कृता सेवा, तया प्राप्तसुकर्मणः ।**
**शासने मे रतिः शुभ्रा, भवेज्जन्मनि जन्मनि ॥ १ ॥**

जंगमयुगप्रधानकल्प, शासनसम्राट् सूरिचक्र-चक्रवर्ति, तपोगच्छनभो-नभोमणि, अनेकतीर्थोद्धारक, प्रातःस्मरणीय पूज्यपाद् भट्टारकाचार्य श्रीमद् विजयनेमिसूरीश्वर-पट्टालंकार पीयूषपाणि शास्त्रविशारद कविरत्न सप्तसंधानमहाकाव्य 'सरणी' टीका आदि अनेक ग्रन्थ प्रणेता पूज्यपादाचार्य श्रीमद् विजय अमृतसूरीश्वर तृतीयशिष्यरत्न वैयावच्चकरणदक्ष पूज्य मुनिवर्य श्री खान्तिविजय चरणचंचरीक मुनि निरंजनविजय संयोजित 'अवन्तीपति महाराजा विक्रमादित्य' अभिधायको गुर्जरभाषायां लेखः महुवा-बंदरे विक्रम संवत १९९९ श्रावण मासे लिखितः बालानां बोधाय भवतु । अस्तु ।

**समाप्त**

## સુસંસ્કારોને પોષણ આપતી અને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

# શિશુ-બોધ-સોપાન ગ્રન્થાવલી




### [ સોપાન ત્રીજું ]

### જ્ઞાનપંચમીનો મહિમા યાને વરદત્ત-ગુણમંજરી

જ્ઞાનપંચમીના મહાન પર્વ વિષેનું વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવેલ છે તેમાં જ્ઞાનની મહત્તા, જ્ઞાનથી થતા લાભો અને જ્ઞાનની આશાતનાથી થતા ગેરલાભો સુંદર રીતિએ આલેખ્યાં છે. એ જીવનકથના ભાવવાહી દશ ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. આ પુસ્તકના વાંચનથી બાળકો જ્ઞાનપંચમી પર્વની વિશિષ્ટતા સ્પષ્ટ સમજી શકશે.

**એક નકલના આઠ આના**


**દરેક જૈનના ઘરમાં આ પુસ્તિકા હોવી જ જોઈએ.**

### [ સોપાન ચોથું ]

### અખાત્રીજનો મહિમા

૧૯ સુંદર ભાવવાહી ચિત્રો સાથે શ્રીઋષભદેવ પ્રભુનું બાળકોને ગમે તેવા સરળ ભાષામાં ટુંક જીવન પરિચય તેમના જીવનના દરેક પ્રસંગો સાથે. વર્ષીતપના પારણા ઉપર પ્રભાવના કરવા ખાસ ઉપયોગી છે.

**પૃષ્ઠ ૧૧૨ : કિંમત ૦-૧૨-૦**




પ્રાપ્તિસ્થાન : **જસવંતલાલ ગિરધરલાલ શાહ**


ઠે. ૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, **અમદાવાદ.**

## સુસંસ્કારોને પોષણ આપતી અને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

# શિશુ-બોધ-સોપાન ગ્રન્થાવલી

## [ સોપાન પાંચમું ] મૌન એકાદશીનો મહિમા યાને
## સુવ્રત શેઠ-સચિત્ર.

શ્રીનેમિનાથ પ્રભુએ **મૌન એકાદશી** પર્વનું સ્વરૂપ વર્ણવેલ તે તેમજ શ્રીનેમિનાથ પ્રભુનો ટુંક જીવન પરિચય અને આ **મૌન એકાદશી** પર્વનું આરાધન દૃઢતાથી કરનાર સુવ્રત શેઠનું કથાનક આ પુસ્તિકામાં સરળ ભાષામાં આપવામાં આવેલું છે. સાથે પ્રસંગને ઉચિત ૧૪ સુંદર ચિત્રો પણ આપ્યાં છે એક નકલની કિંમત માત્ર **નવ આના.**




## ( સોપાન છઠું )
## પોષદશમીનો મહિમા યાને શ્રીપાર્શ્વનાથ અને સુરદત્તચરિત્ર

આ પુસ્તકમાં શ્રીમહાવીરપ્રભુએ શ્રેણિક મહારાજાને પોષદશમીનું સ્વરૂપ કહેલ તે તેમજ શ્રીપાર્શ્વનાથપ્રભુનો ટુંક જીવન પરિચય અને પોષદશમી પર્વની આરાધના કરનાર સુરદત્ત-શેઠની વાર્તા સરળ અને બોધક શૈલીએ સુંદર ભાવવાહી ૧૪ ચિત્રો સાથે આલેખાયેલ છે.

કિંમત : **આઠ આના**

પ્રાપ્તિસ્થાન:-**જસવંતલાલ ગિરધરલાલ શાહ**
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, **અમદાવાદ**

## ધાર્મિક સ્થાનોમાં પ્રભાવના કરવા યોગ્ય સસ્તાં અને સુંદર શ્રીનેમિ-અમૃત-ખાંતિ-નિરંજન-ગ્રંથમાલાના પ્રકાશનો


૧ શ્રાવક કર્તવ્ય હિન્દી ૦—૬
૨ જિનેન્દ્રગુણ મણિમાલા ૦—૧૧
૩ વીતરાગ ભક્તિપ્રકાશ ૦—૫
૪ જિનેન્દ્રગુણ મણિમાલા ખંડ ૧-૨ ૦—૧૩
૫ લઘુ સંવાદ સંગ્રહ ૦—૪
૬ નૂતન સ્તવન મંજુષા ૦—૧૦
૭ મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્રાદિ સંગ્રહ ૦—૬
૮ કલ્યાણકાદિસ્તવનસંગ્રહ ૦— ૬
૯ સ્થાપનાચાર્યજી સચિત્ર ૦—૧
૧૦ નવપદની અનાનુપૂર્વી ૦—૨
૧૧ સૂરિસમ્રાટ્ની સંક્ષિપ્ત જીવનપ્રભા ૦—૪
૧૨ હિન્દી વિનિયુક્ત સામાયિક સૂત્ર સચિત્ર ૦—૬
૧૩ હિન્દી-મનમોહન સ્તવનાવલી ૦—૪
૧૪ સ્નાત્રપૂજા સચિત્ર ૦—૨
૧૫ અવંતીપતિ વિક્રમાદિત્ય ધાર્મિક જીવનકથા ૧૫ ચિત્રો ૦-૧૦
૧૬ શ્રેષ્ઠિ ગુણસાર ૧૧ ચિત્રો સહિત સુંદર કથા ૦—૮
૧૭ જ્ઞાનપંચમીનો મહિમા દશ ચિત્રો સહિત બે જીવનકથા ૦—૮
૧૮ અખાત્રીજનો મહિમા ૧૯ ચિત્રો સહિત-૧૨
૧૯ ભગવાન શ્રીઆદિનાથ ૨—૮
૨૦ શાસનસમ્રાટ્ જીવનકથા ભેટ.
૨૧ નેમિનાથ અને શ્રીકૃષ્ણ ૨—૦
૨૨ મૌન એકાદશીનો મહિમા ૦—૯
૨૩ પોષ દશમીનો મહિમા ૦—૮
૨૪ સિદ્ધચક્ર-યન્ત્રોદ્ધાર-પૂજનવિધિ.
૨૫ હિન્દી વિક્રમચરિત્ર ૫—૦

— પ્રાપ્તિસ્થાન —

અમદાવાદ

૧ જશવંતલાલ ગિરધરલાલ
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ,

૨ નાગરદાસ પ્રાગજીભાઈ
ડોશીવાડાની પોળ,

૩ પં. ભુરાલાલ કાળીદાસ
હાથીખાના રતનપોળ,

૪ રતીલાલ બી. શાહ
ડોશીવાડાની પોળ,

૫ સોમચંદ ડી. શાહ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૬ શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર કીકાસ્ટ્રીટ ગોડીજી બીલ્ડીંગ મુંબઈ ૨

૭ બાલુભાઈ રૂગનાથ શાહ
ઠે. અંબાજીના વડ પાસે,
ભાવનગર.

# શિશુ-બોધ સોપાન ગ્રંથાવલિ

લેખક અને
સંપાદક:-
સાહિત્ય પ્રેમી
પૂ. મુ. નિરંજન-
વિજયજી મ.

ધીમે ધીમે અત્યાર સુધી આ ગ્રંથાવલિના છ સોપ.નો બહાર પડયા છે.

**તે બાળકોને ખાસ વંચાવો.**

તેની લેખન શૈલી નાના મોટા સૌને હોંસે હોંસે વાંચતા ગમી જાય તેવી સરળ છે અને ભાવવાહી સુંદર ચિત્રોથી પુસ્તકો ભરપૂર છે.

(૧) **અવન્તીપતિ વિક્રમાદિત્ય:**-પરદુ:ખભંજન વિક્રમરાજાનો ટુંક ધાર્મિક જીવન પરિચય. ૧૫ સુંદર ચિત્રો સાથે. કિં. આઠ આના.

(૨) **સુપાત્રદાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસાર:**-૧૧ સુંદર ચિત્રો સહિત પ્રેરક જીવનકથા પેજ ૭૦ કિં. આઠ આના.

(૩) **જ્ઞાન પંચમીનો મહિમા યાને વરદત્ત ગુણમંજરી:**-દશ સુંદર ચિત્રો સહિત બોધદાયક બે જીવનકથા. કિં. આઠ આના.

(૪) **અખાત્રીજનો મહિમા:**-ભાવવાહી ૧૯ સુંદર ચિત્રો સાથે શ્રી રૂષભદેવ પ્રભુનું સરળ અને ટુંક જીવન ચરિત્ર. પેજ ૧૧૨ કિં. ૦-૧૨

(૫) **મૌન એકાદશીનો મહિમા યાને સુવ્રતશેઠ:**-ટુંકમાં શ્રી નેમિનાથપ્રભુનું અને સુવ્રતશેઠનું ચરિત્ર. ૧૪ ચિત્રો સાથે. કિં. નવ આના.

(૬) **પોષ દશમીનો મહિમા યાને શ્રી પાર્શ્વનાથ અને સુરદત્ત ચરિત્ર:**-૧૪ ભાવવાહી સુંદર ચિત્રો સાથે. પેજ ૬૪ કિં. ૦-૮

## પ્રાપ્તિ સ્થાન

જસવંતલાલ ગિરધરલાલ શાહ. ૧૨૩૮ [illegible]ચંદની પોળ, અમદાવાદ
પંડિત. ભુરાલાલ [illegible],.........અમદાવાદ
મેતા. નાગરદાસ [illegible]ના નાકે ...અમદાવાદ.
સોમચંદ ડી. શ[illegible] પાલીતાણા ( સૌરાષ્ટ્ર )
મેઘરાજ પુસ્તક [illegible],.........મુંબઈ, ૨.
બાલુભાઇ રૂગના[illegible] ભાવનગર. ( સૌરાષ્ટ્ર )


[illegible]ાન પંચમીનો મહિમા યા[illegible]
[illegible]ંદર ચિત્રો સહિત બોધદાયક બે જી[illegible]
અખાત્રીજનો મહિમા:-ભાવવ[illegible]
[illegible]ષભદેવ પ્રભુનું સરળ અને ટુંક જીવન
[illegible]ૌન એકાદશીનો મહિમા


'જૈનાનંદ' પ્રીં. પ્રેસ, દરિયા મહેલ-સુરત.